


RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




શહેરમાં ૩૧ ડિસેમ્બર સંદર્ભે સઘન ચેકીંગ: ૧૦૬૮ અધિકારી તેમજ જવાનોનો બંદોબસ્ત P-4

Year-16, Issue-221 ■ DATE : 31-12-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુડબાય ૨૦૨૫-વેલકમ ૨૦૨૬: દેશભરમાં થર્ટી ફર્સ્ટની ઉજવણીનો થનગનાટ

## આતશબાજી અને પુરજોશ ઉત્સાહ સાથે નવા વર્ષને વધાવવા વિશ્વ સજ્જ: રાત પડશે અને દિવસ ઉગશે: રાતભર ડાન્સ-ડીજે અને ડીનર પાર્ટી: અમદાવાદ-મુંબઇ-દિલ્હી સહિતના શહેરોમાં વિશેષ કાર્યક્રમો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આજે થર્ટી ફર્સ્ટ એટલે અંગ્રેજી કેલેન્ડર વર્ષનો અંતિમ દિવસ આજે વર્ષનો છેલ્લો દિવસ છે. સારા-નરસા અનુભવો સાથે ૨૦૨૫નું વર્ષ વિદાઇ લેશે અંતે નવા ઉત્સાહ-ઉમંગ સાથે ૨૦૨૬નું વર્ષનું આગમન થશે. આજે બાય બાય ૨૦૨૫ અને વેલકમ ૨૦૨૬''ને લઇને દેશભરમાં ભવ્ય ઉજવણી થવાની છે. રાત પડશે ને જાણે દિવસ ઉગશે એવો માહોલ ઉભો થશે. ડાન્સ-ડીજે અને ડીનર સાથે સેલિબ્રેશન (ઉજવણી) કરવા યુવા વર્ગમાં ભારે થનગનાટ છે. પાર્ટી પ્લોટ, હોટલ રીસોર્ટ, હરવા ફરવાના સ્થળોમાં ઉજવણીના ભવ્ય આયોજનો થયા છે. રાત્રે ૧૨ના ટકોરે ભવ્ય આતશબાજીના કાર્યક્રમમાં પણ યોજાયા ઉજવણીના રંગમાં ભંગ ન પડે તે માટે પોલીસ પણ સાબદી થઇ છે. દિલ્હી-મુંબઇ-હૈદ્રાબાદ બેંગ્લોર રાતભર ગીત-સંગીતના જલસા થવાના છે. ઠેરઠેર થીમ બેઇઝડ પાર્ટીના પણ આયોજનો થયા છે. ૨૦૨૫ને ટાટા તથા ૨૦૨૬ને વેલકમ કરવા સૌ કોઇ સજ્જ થયા છે.

આજે ૨૦૨૫નું વર્ષ પૂરું થઈ રહ્યું છે. બુધવારે મધ્યરાત્રિ ૧૨ વાગ્યે નવું વર્ષ શરૂ થશે. બધાએ પોતપોતાની રીતે નવા વર્ષનું સ્વાગત કરવા માટે તૈયારીઓ કરી લીધી છે. ઘણા લોકો પરિવાર અને મિત્રો સાથે ઉજવણી કરવામાં વ્યસ્ત છે. પ્રખ્યાત મંદિરો અને પર્યટન સ્થળોએ લોકોની ભીડ એકઠી થવા લાગી છે. તો, નવા વર્ષ માટે કેવા પ્રકારની તૈયારીઓ કરવામાં આવી છે? પાર્કિંગની વ્યવસ્થા શું છે? ગુંડાગીરીને રોકવા માટે શું તૈયારીઓ છે? દિલ્હી, ગોવા, કાશ્મીર અને મનાલી સહિત દેશભરના મુખ્ય શહેરોમાં પરિસ્થિતિ વિશે જાણો.

દિલ્હીમાં ૩૧ ડિસેમ્બરે સાંજે ૭ વાગ્યાથી કનોટ પ્લેસ અને ઈન્ડિયા ગેટની આસપાસ ટ્રાફિક પ્રતિબંધો અમલમાં રહેશે. ઘણા આંતરછેદોથી આગળ પ્રવેશ બંધ રહેશે, પાર્કિંગ મર્યાદિત રહેશે અને લોકોને જાહેર પરિવહનનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. રાજધાનીમાં નવા વર્ષની ઉજવણી સુરક્ષિત રીતે થાય તે માટે, શહેરમાં ૧૭,૦૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. આ દળમાં લ્યભ્જ, મ્વ્, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ટ્રાફિક પોલીસ અને હોમગાર્ડનો સમાવેશ થાય છે. સંવેદનશીલ અને ભીડભાડવાળા વિસ્તારોમાં કડક દેખરેખ રાખવામાં આવી રહી છે.

ગોવામાં તાજેતરની આગની ઘટના બાદ, ગોવા પોલીસ નવા વર્ષની પૂર્વ સંધ્યા માટે ઉચ્ચ સતર્કતા પર છે. દરિયાકાંઠાના વિસ્તારો, પબ અને પાર્ટી ઝોનમાં વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે. વહીવટીતંત્રે પ્રવાસીઓને સલામતીની ખાતરી આપી છે અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ લાગુ કરવામાં આવશે.

લખનૌમાં ૩૧ ડિસેમ્બરને ધ્યાનમાં રાખીને, પોલીસે બેફામ વાહન ચલાવવા, હુમલો અને છેડતી જેવી ઘટનાઓને રોકવા માટે ખાસ સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાપન યોજનાઓ વિકસાવી છે. ટ્રાફિકે પોતે સઘન વાહન ચેકિગ ઝુંબેશનું નેતૃત્વ કર્યું હતું. બાઇક સ્ટંટ, ગુંડાગીરી અને ટ્રાફિક ઉલ્લંઘન સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે.

પટનામાં મરીન ડ્રાઇવ સહિત સમગ્ર પટનામાં સઘન વાહન ચેકિગ ચાલી રહ્યું છે. એ બાઇકર ગેંગ, નશામાં વાહન ચલાવવા, ગેરકાયદેસર દારૂ અને ડ્રગ નેટવર્ક સામે કડક દેખરેખ રાખવાનો નિર્દેશ આપ્યો છે. ભીડભાડવાળા વિસ્તારોમાં વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે.

મનાલીમાં નવા વર્ષ પહેલા મનાલીમાં પ્રવાસીઓનો ભારે ધસારો થવાની સંભાવના છે. હોટલો લગભગ ભરાઈ ગઈ છે. ટ્રાફિક ડાયવર્ઝન, પાર્કિંગ વ્યવસ્થાપન અને સુરક્ષા વ્યવસ્થા અંગે વહીવટીતંત્ર સતર્ક છે, સંવેદનશીલ વિસ્તારોમાં વધારાની પોલીસ તૈનાત છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૬/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૫/લીટર |
| CNG | રૂ. ૮૪.૧૭/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹ ૧,૩૫,૦૦૦ | ₹ ૨,૩૭,૦૦૦ |
| | -૧૦૦૦ | -૧૮૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹ ૮૯.૯૫ | ₹ ૧૨૧.૪૮ |

# ૨૦૨૬માં ત્રીજું વિશ્વયુદ્ધ થશે: નવા વર્ષ માટે બાબા વાંગાએ કરી ચોંકાવનારી આગાહી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બાલ્કન સ્ટ્રેડેમસ તરીકે ઓળખાતા બલ્ગેરિયન ભવિષ્યવક્તા બાબા વાંગાની આગાહી જગવિખ્યાત છે. બાબા વાંગાની ભવિષ્યવાણી પર ઘણા લોકો અતૂટ વિશ્વાસ ધરાવે છે, કેટલાક લોકો તેને માત્ર સંયોગ માને છે. જોકે, હાલની વૈશ્વિક પરિસ્થિતિને જોતા તેમની આ આગાહીઓ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. હાલ, વર્ષ ૨૦૨૬ને લઈને તેમને કરેલી આગાહીઓએ સમગ્ર વિશ્વમાં ચર્ચા જગાવી છે.

બાબા વાંગાની આગાહી મુજબ, વિશ્વના પૂર્વ ભાગમાં ચાલી રહેલો તણાવ એક મોટા યુદ્ધ સર્જી શકે છે. આ યુદ્ધની અસર માત્ર એશિયા પૂરતી સીમિત નહીં રહે, પરંતુ તેની જ્વાળાઓ પમિ દેશો સુધી પણ પહોંચી શકે છે. જેનાથી ભારે જાન-



માલનું નુકસાન થઈ શકે છે. આ સંઘર્ષ વૈશ્વિક સત્તાના સમીકરણોને સંપૂર્ણપણે બદલી નાખશે. બાબા વાંગાએ રશિયાને લઈને મોટી વાત કહી છે. બાબા વાંગાના મતે, રશિયામાં એક નવો અને અત્યંત પ્રભાવશાળી નેતા ઉભરી આવશે. આ નેતા વૈશ્વિક અશાંતિ અને યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે પણ પોતાનું વર્ચસ્વ જમાવશે અને વિશ્વના રાજકારણને પ્રભાવિત કરશે.

વર્ષ ૨૦૨૬માં ક્લાઈમેટ ચેન્જ વિનાશક સ્વરૂપ ધારણ કરી શકે છે. બાબા વાંગાએ પર્યાવરણીય કટોકટી, વિનાશક પૂર, ભૂકંપ અને ભયંકર દુષ્કાળ જેવા સંકેતો આપ્યા છે. આ કુદરતી હોનારતો વિશ્વના ઘણા ભાગોમાં અર્થતંત્રને ખોરવી નાખશે. હાલના ખ્ત્ના યુગને લઈને બાબા વાંગાએ પણ આઘાહી કરી છે. ટેક્નોલોજી ક્ષેત્રે એક ભયાનક ચેતવણી આપતા બાબા વાંગાએ જણાવ્યું છે કે, ની શક્તિ એટલી હદે વધી જશે કે તે માનવીય અંકુશની બહાર જઈ શકે છે. મશીનો અને પ્રોગ્રામ્સ માનવીની મદદ વગર પોતાના નિર્ણયો લેતા થઈ જશે, જે રોજિંદા જીવન અને ઉદ્યોગો માટે એક મોટો પડકાર બની રહેશે.

# વર્ષના અંતિમ દિવસે મળ્યા આનંદના સમાચાર: વિશ્વનું ચોથા નંબરનું અર્થતંત્ર બનતું ભારત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૦૨૫ના વર્ષના અંતિમ દિને દેશના અર્થતંત્ર માટે એક સારા સમાચાર આવ્યા છે. હવે ભારતીય અર્થતંત્ર વિશ્વનું ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. દેશની જીડીપી ૪.૧૮ ટ્રીલીયન ડોલર સુધી પહોંચી ગઈ હોવાનું સતાવાર ભારત સરકારે જાહેર કર્યુ છે અને ૨૦૩૦ સુધીમાં તે જર્મનીને પાછળ રાખીને ત્રીજા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર બની જશે. એક તરફ પુરા ૨૦૨૫ના વર્ષમાં અમેરિકી ટેરિફના તાપ અને યુદ્ધ સહિતના વૈશ્વિક તનાવ વચ્ચે પણ ભારતીય અર્થતંત્રએ તેની સૌથી ઝડપી અર્થતંત્રની રફતાર- ઘરેલુ- ઉત્પાદન તથા વપરાશ જે માળખાકીય સહિતના સુધારા ચાલુ રાખ્યા છે તેના પરિણામે અર્થતંત્રના ઈંધણ મળતુ રહ્યુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બીજા



ત્રિમાસિક ગાળામાં ભારતની વાસ્તવિક જીડીપી ૮.૨% નોંધાઈ છે જે ગત વર્ષ ચોથા કવાટરના ૭.૪%થી વધુ છે. આમ બન્ને વચ્ચેના છ માસમાં સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાઈ છે જે આ દેશના અર્થતંત્રને આ મુકામે પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી ગયુ છે.

સરકારે હવે વિશ્વાસ દર્શાવ્યો છે કે મજબૂત આર્થિક પાયાથી ૨૦૩૦ સુધીમાં જીડીપી ૭.૩ ટ્રીલીયન ડોલર સુધી પહોંચી જશે અને તે વિશ્વમાં ત્રીજા સ્થાને આવી જશે. હાલ અમેરિકા નંબર વન અને ચીન બીજા ક્રમે છે.

સરકારે દાવો કર્યો છે કે, ફુગાવો તેની સૌથી નીચી સપાટીએ છે. બેરોજગારીનો દર પણ નીચે તરફ જઈ રહ્યો હોવાના સંકેત છે અને નિકાસમાં લગાતાર સુધારો થઈ રહ્યો છે. નાણાકીય માપદંડો સ્થિર અને મજબૂત છે અને વ્યાપારીક ધિરાણ વિ.ની સ્થિતિ જળવાઈ રહી છે. શહેરી ક્ષેત્રોમાં લોકોની ખરીદ શક્તિ વધી છે. ખાસ બાબત એ છે કે દેશ 'ગોલ્ડીલોક્સ' એટલે કે ઉંચા વિકાસ દર નીચા મોંઘવારી દરમાંથી પસાર થઈ રહ્યો છે.

## ૨૦૨૫નું વર્ષ દલાલ સ્ટ્રીટ માટે ખરાબ નિવડ્યું

ભારતીય શેરબજારમાં આઈપીઓએ જબરી ધુમ મચાવી છે અને ઈન્વેસ્ટરોને કમાણી પણ થઈ છે. પરંતુ શેરબજારના મુખ્ય સેન્સેકસ અને નીફટીએ ૨૦૨૫ના વર્ષમાં દુનિયાભરના તમામ એકસચેંજોમાં સૌથી ખરાબ પ્રદર્શન કર્યુ છે. દલાલ સ્ટ્રીટ માટે હવે ૨૦૨૬નું વર્ષ નવી આશા લઈને આવશે કે પછી આ જ પ્રકારે ઉતાર-ચઢાવ યથાવત રહેશે તેના પર સૌની નજર છે. વૈશ્વિક ધોરણો મુજબ ભારતીય ઈકિવટી માર્કેટ જેમાં સેન્સેકસ અને નીફટી ૫૦નો સમાવેશ થાય છે. તેણે ડોલર ટર્મમાં ૪થી૫ ટકાના રિટર્ન સાથે સૌથી ખરાબ પ્રદર્શન કર્યુ છે જયારે રૂપિયાના ટર્મમાં ૮થી૯ ટકાનું વળતર આપ્યું છે. પરંતુ સૌથી મહત્વનું એ છે કે, આ વર્ષે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ભારતમાંથી ૧૮ બિલિયન ડોલરની કેપીટલ પાછી ખેંચી છે જે અત્યાર સુધીનો સૌથી મોટો આઉટફલો છે.

## અડધી રાત્રીના પણ સામાન્ય નાગરિક માટે સુપ્રીમકોર્ટના દરવાજા ખુલશે

દેશના નાગરિકોને તેમના અધિકારોના રક્ષણ માટે સૌથી મોટી આશા સમાન દેશની સર્વોચ્ચ અદાલત તથા તમામ હાઈકોર્ટે હવે કાનુની ઈમરજન્સી સમયે સપ્તાહના તમામ દિવસ ૨૪ કલાક માટે ઉપલબ્ધ બનશે. મુખ્ય ન્યાયમૂર્તિ સુર્યકાંતે આ માહિતી આપતા જણાવ્યું કે જો કોઈ નાગરિકને કોઈપણ સમય પછી તે અર્ધરાત્રી કે તમો સમય હોય, તેમની તમામ એજન્સીઓ દ્વારા તેમની ધરપકડનો ભય હોય તો તે નાગરિક સુપ્રીમ કોર્ટ કે બંધારણીય અદાલતની શ્રેણીમાં આવતી દેશની હાઈકોર્ટનો કોઈપણ સમયે સંપર્ક કરી શકે તે વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી રહી છે. ચીફ જસ્ટીસે જણાવ્યું કે નાગરિકને તેના બંધારણીય અધિકારથી સુરક્ષા અને સ્વતંત્રતા માટે આ કાનૂની સહાય મળે તે જોવામાં આવશે. ચીફ જસ્ટીસે જણાવ્યું કે મારી આ વ્યવસ્થાનો હેતુ સુપ્રીમકોર્ટ અને હાઈકોર્ટને લોકોની અદાલત બનાવવાનો છે. નાગરિક કોઈ પણ સમયે અદાલતનો સંપર્ક કરી શકે છે. તેમાં અદાલતના નિશ્ચિત સમયનું બંધન રહેશે નહી. તેઓએ જણાવ્યું કે તેમની પ્રાથમીકતામાં એક વધુને વધુ બંધારણીય ખંડપીઠ રચવાનો છે જે બંધારણીય દ્રષ્ટીએ જે વધતા જતા પેન્ડીંગ અરજીમાં છે તેના નિકાલ લાવી શકાય તેમ કરવા માંગુ છું.

# સોના-ચાંદીમાં તેજી મંદીનું અભૂતપૂર્વ તોફાન: ચાંદીમાં આજે ૧૮૦૦૦નો કડાકો



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સોના-ચાંદીમાં તેજી-મંદીનું અભૂતપૂર્વ તોફાન સર્જાયું છે. રાત્રે ચાંદીમાં ૨૫૦૦૦નો જોરદાર ઉછાળો નોંધાયા બાદ આજે સવારે તેમાં ૧૮૦૦૦નો કડાકો સર્જાયો હતો. સતત ત્રણ દિવસથી તોફાની મુવમેન્ટને કારણે કારોબાર ઠપ્પ થઇ ગયો છે.

કેલેન્ડર વર્ષના આજના અંતિમ દિવસે સોના-ચાંદીમાં તેજી-મંદીનો અસામાન્ય ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. ખાસ કરીને ચાંદીમાં સટ્ટાખોરી આધારિત મુવમેન્ટ હોવાની છાપ ઉપસવા લાગી હતી.

ગઇરાત્રે વિશ્વબજારમાં ચાંદીના ભાવ ફરી સળગ્યા હતા અને ૮૦ ડોલરની નજીક ધસી જવા લાગ્યા હતા. લોકલ કોમોડીટી એક્સચેંજમાં ચાંદી વાયદાનો ભાવ ૨.૫૦ લાખને વટાવી ગયો હતો. દિવસ દરમ્યાન ૨૫૦૦૦થી વધુનો ઉછાળો સુચવતો હતો.

પરંતુ આજે સવારે ઉઘડતામાં માર્કેટ ફરી કડડભૂસ થઇ ગયું હતું. વિશ્વબજારમાં ચાંદીનો ભાવ પાંચ ડોલરના ઘટાડાથી ૭૨.૦૨ ડોલર થઇ ગયો હતો. જ્યારે કોમોડીટી એક્સચેંજમાં ૨.૩૨ લાખ પર ધસી પડ્યો હતો. સોનાનો ભાવ પણ ઘટીને ૧.૩૬ લાખ પર આવી ગયો હતો. વિશ્વબજારમાં ૪૩૪૦ ડોલર હતું.

રાજકોટમાં હાજર સોનુ આજે સવારે ૧૩૮૧૫૦ હતું. જ્યારે ચાંદી ૨.૪૦ લાખ હતી. વેપારીઓના કહેવા પ્રમાણે ઉથલ પાથલનું કારણ ચીનની નિકાસબંધી ઉપરાંત વૈશ્વિક સંકેતોને કારણે હોઇ શકે છે. વર્ષાંતે નફારૂપી વેચવાલીનું એક કારણ છે.

સોના-ચાંદીમાં ઉથલપાથલના દોર વચ્ચે લોકલ વેપારીઓએ એવો દાવો કર્યો હતો કે ખાસ કરીને ચાંદીમાં વેપાર-કારોબાર ઠપ્પ થઇ ગયા છે અને દિવાળી વખતમાં સમયની જેમ વેપારીએ વેપારીના અલગ ભાવ ક્વોટ થવા લાગ્યા છે. વર્તમાન મુવમેન્ટમાં કારોબાર શક્ય નથી એટલે વેપારીઓએ નવા વેપારને બ્રેક મારવાનું વલણ અપનાવ્યું છે.

મીનીટો કે કલાકોમાં ૫-૧૦ હજારની મુવમેન્ટ સામાન્ય થઇ ગઇ છે અને તેમાં ગ્રાહકો સાથે તકરાર થવાના કિસ્સા બનતા હોવાથી વેપારને બ્રેક મારવાનો વ્યૂહ અપનાવાયો છે.

વર્ષ ૨૦૨૫માં ચાંદી રોકાણકારોને માલામાલ કરનાર ધાતુ સાબિત થઈ છે અને મોટાભાગના અનુમાનો મુજબ, ૨૦૨૬માં પણ તેની ગતિ તેજ રહી શકે છે. જોકે, આ તેજીની વચ્ચે પ્રખ્યાત પુસ્તક 'રિચ ડેડ પુઅર ડેડ'ના લેખક રોબર્ટ કિયોસાકીએ ચાંદીને લઈને એક મોટી ચેતવણી આપતા રોકાણકારોને મહત્વપૂર્ણ સલાહ આપી છે.

રોબર્ટ કિયોસાકી સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય રહે છે અને રોકાણ સંબંધિત સલાહ આપતા રહે છે. તેમણે અગાઉ ટવીટર પર ચાંદીને લઈને એક પોસ્ટ કરી છે, જે એવા સમયે આવી છે જ્યારે સોમવારે ચાંદીના ભાવમાં મોટો કડાકો બોલાયો હતો.

કિયોસાકીએ પોતાની પોસ્ટમાં લખ્યું, 'શું ચાંદીનો પરપોટો ફૂટવાનો છે? મને ચાંદી ખૂબ જ પસંદ છે, મેં મારી પ્રથમ ચાંદી ૧૯૬૫માં ખરીદી હતી, પરંતુ શું સાચે જ ચાંદીનો પરપોટો ફૂટવાનો છે? (ફિયર ઓફ મિસિંગ આઉટ) એટલે કે તક ગુમાવી દેવાના ડરનો ઉન્માદ કહેર વરસાવવાનો છે.'

# નવા ટુ-વ્હીલરમાં એન્ટી લોક બ્રેકીંગ સિસ્ટમ માટે કંપનીઓએ સરકાર પાસે પર્યાપ્ત સમય માગ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ૧-જાન્યુઆરી-૨૦૧૬થી બધા નવા ટુ-વ્હીલર વાહનોમાં એન્ટી લોક બ્રેકીંગ સિસ્ટમ (એબીએસ) ફરજિયાત કરવાનો નિર્ણય હાલ પંચમાં ફસાઇ ગયો છે. તેને લાગુ કરવા માટે હવે એક જ દિવસ બાકી રહ્યો છે, પરંતુ વાહન કંપનીઓએ હાથ ઉંચા કરી દીધા છે. તેમણે સરકારને આ નિયમ પર ફરીથી વિચાર કરવાની માંગ કરી છે.

માનવામાં આવી રહ્યું છે કે, ૧-જાન્યુઆરીની સમય સીમાને આગળ વધારી શકાય છે. ઉલ્લેખનીય છે કે સરકારે આ વર્ષે જુનમાં તેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે કંપનીઓએ ૧-જાન્યુઆરી-૨૦૨૬થી બધા નવા ટુ-વ્હીલર વાહનોમાં એબીએસ લગાવવું ફરજિયાત રહેશે.



આ મામલા સાથે સંકળાયેલા બે અધિકારીઓએ જણાવ્યું હતું કે કંપનીઓએ હવે સરકાર પાસે વધારાનો સમય માગ્યો છે. તેમની દલીલ છે કે દેશમાં નવી બ્રેક સિસ્ટમ સાથે સંકળાયેલ પુરવઠો હજુ પર્યાપ્ત નથી. જો એક સાથે બધામાં તેને ફરજિયાત કરવામાં આવે તો સ્પેરપાર્ટસની અછત થઇ શકે છે. ઉત્પાદન પર તેની અસર પડી શકે છે. આથી ગાડીઓની કિંમત પણ વધી શકે છે. જેનો સીધો બોજ ગ્રાહક પર પડી શકે છે. તેમનું સુચન છે કે આ નિયમ તબક્કાવાર રીતે લાગુ પાડવામાં આવે જેથી વાહન ઉદ્યોગને તૈયારીનો પૂરતો સમય મળી શકે.

એન્ટી લોક બ્રેકીંગ સિસ્ટમ (એબીએસ) એક ઉન્નત ટેકનિક છે, જે અચાનક બ્રેક લગાડવાથી પૈડાને લોક થતાં રોકે છે, જેથી વાહનનું સંતુલન જળવાઇ રહે છે. આ સિસ્ટમ બ્રેક લગાવતી વખતે પૈડા પર વારંવાર દબાણ દઇને વાહનને ફસડાતા અને ઘસાતા રોકે છે જેથી ચાલકને વાહનને નિયંત્રિત કરવાનો અને અવરોધોથી રોકવાનો સમય મળી જાય છે.

સરકારની યોજના છે કે માર્ગ અકસ્માતો ઘટાડવા માટે બધા વાહનોમાં એબીએસને ફરજિયાત કરવામાં આવે. હાલ આ વ્યવસ્થા માત્ર ૧૨૫ સીસીથી વધુ ક્ષમતાવાળી બાઇકોમાં લાગુ છે, જો કે નાની બાઇકો અને સ્કૂટરોમાં માત્ર કમ્બાઇન્ડ બ્રેકીંગ સિસ્ટમ (સીબીએસ) હોય છે, દેશના કુલ બાઇક બજારમાં લગભગ ૮૪ ટકા ભાગીદારી આવી સસ્તી શ્રેણીની છે.

માર્ગ સુરક્ષા સાથે સંકળાયેલા વિશેષજ્ઞોનું કહેવું છે કે ભારતમાં માર્ગ અકસ્માતોમાં ૪૪ ટકા મોત ટુ-વ્હીલર વાહનો સાથે જોડાયેલ છે. તેની સુરક્ષામાં સુધારો જરૂરી છે.

# વર્ષ ૨૦૨૬માં ભારત-પાક. વચ્ચે ફરી ઘર્ષણ થવાની અમેરિકન થિંક ટેન્કની ચેતવણી



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

પહેલગામ હુમલા બાદ ભારતે પાકિસ્તાન પર 'ઓપરેશન સિંદુર' હાથ ધરીને તેને સીધુદોર કરી દીધુ હતુ છતાં તેના કારનામા ચાલુ જ છે. જમ્મુ ક્ષેત્રમાં ૩૦થી વધુ પાક આતંકવાદીઓ સક્રીય હોવાના ગુપ્તચર રિપોર્ટ વચ્ચે અમેરિકન થિંક ટેન્કે નવા વર્ષ ૨૦૨૬માં ભારત-પાક વચ્ચે ફરી સંઘર્ષ થવાની ચેતવણી આપી છે.

ભારતે જમ્મુ કાશ્મીરમાં ૨૨ એપ્રિલના પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ૭ મે ૨૦૨૫ ના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. જેમાં ભારતીય સેનાએ પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી કેમ્પોને નિશાન બનાવ્યા હતા. ભારતીય વાયુસેનાએ અનેક પાકિસ્તાની એરબેઝ પણ હુમલો કરીને નુકસાન પહોંચાડ્યું હતું.

ઓપરેશન સિંદૂર પછી જમ્મુ કાશ્મીરમાં કોઈ મોટા આતંકવાદી હુમલા થયા નથી. જોકે, ભારત શસ્ત્ર ભંડારને વધુ મજબૂત બનાવી રહ્યું છે. સંરક્ષણ મંત્રાલયે ત્રણેય સશસ્ત્ર દળો માટે રૂપિયા ૭૯,૦૦૦ કરોડના વિવિધ દારૂગોળો અને લશ્કરી સાધનો, જેમાં મિસાઇલ, રોકેટ અને ડ્રોનનો સમાવેશ થાય છે.

આમાં સેના માટે લોઇટરિંગ દારૂગોળો અને પિનાકા રોકેટ અને વાયુસેના માટે એસ્ટ્રા મિસાઇલ અને સ્પાઇસ-૧૦૦૦ બોમ્બનો સમાવેશ થાય છે. નૌકાદળ માટે વધારાની હાઇ એલ્ટિટ્યુડ લોંગ રેન્જ રિમોટલી પાઇલોટેડ એરક્રાફ્ટ સિસ્ટમ્સ ભાડે લેવા માટે પણ મંજૂરી આપવામાં આવી છે.

ઓપરેશન સિંદૂર પછી થયેલા ભારે નુકસાન બાદ, પાકિસ્તાને નવા ડ્રોન અને વાયુ સંરક્ષણ પ્રણાલીઓ ખરીદવા માટે તુર્કી અને ચીન સાથે વાટાઘાટો પણ શરૂ કરી છે. રિપોર્ટમાં ૨૦૨૬ માં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સંભવિત સંઘર્ષનો પણ સંકેત આપવામાં આવ્યો છે.

જો કે, આનાથી અમેરિકાના હિતોને અસર થશે નહીં. અમેરિકન થિંક ટેન્કના રિપોર્ટમાં ભૂતપૂર્વ રાજદ્વારીઓ, લશ્કરી અધિકારીઓ, પ્રોફેસરો અને નીતિ નિષ્ણાતો સહિત વિદેશ નીતિ નિષ્ણાતોના સર્વેક્ષણ પર આધારિત છે.

# જામનગર જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈનીએ બંદોબસ્ત માટે એક્શન પ્લાન તૈયાર કર્યો

## થર્ટી ફર્સ્ટની રાત્રિના પીધેલા પર ૪ ડીવાયએસપી, ૨૪ PI, ૩૫ પીએસઆઈ સહિત ૭૦૦ જવાનોની રહેશે વોચ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી શાંતિમય માહોલમાં ઉત્સાહભેર ઉજવણી કરી શકાય તે માટે જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈનીએ બંદોબસ્ત માટે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. જેમાં ૪ ડીવાયએસપી, ૨૪ પીઆઈ, ૩૫ પીએસઆઇ સહિત ૬૫ પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ, હોમગાર્ડ જવાન, ગ્રામ્ય રક્ષક દળ સહિત ૭૦૦ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.નવા વર્ષને વધાવવા માટે જામનગર શહેરમાં તેમજ ભાગોળે આવેલી હોટલો, રેસ્ટોરન્ટ, રીસોર્ટ તેમજ પાર્ટી પ્લોટોમાં આયોજનો થતાં હોય છે. જેમાં યુવાનો ઉમટી પડતા હોય અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસ અધિકારીઓ સહિત ૭૦૦ જવાનોનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં જિલ્લામાં ૮ ચેક પોસ્ટ તૈયાર કરવામાં આવી છે, જેમાં આંતર જિલ્લામાંથી આવતા વાહનોને ચેક કરવામાં આવશે. તેમજ થર્ટી ફર્સ્ટના રાત્રિના પોલીસની ૩૦ જીપ તેમજ ૧૧૨ જનરક્ષક બોલેરો ૨૭, મોટર સાયકલ ૮૦ મળીને કુલ ૧૩૭ વાહનો અને માઉન્ટેડ યુનિટ ઘોડેશ્વાર સાથે રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરવામાં આવશે. જેમાં ૨૦૬ બોડી વોર્ન કેમેરા તેમજ બ્રેથલાઈઝર ૫૨નો ઉપયોગ કરીને નશો કરીને નિકળનારાઓનું ચેકીંગ કરવામાં આવશે. પોલીસ દ્વારા જાહેર જગ્યા, હોટલ, ધાબા, ટુરીસ્ટ સ્થળ, ગેસ્ટ હાઉસ, ભીડભાડ વાળી જગ્યાઓ તથા ઈન્ડ્રસ્ટીઝ એરીયાઓમાં સર્વેલન્સ સ્કવોડથી ચેકીંગની કાર્યવાહી કરવામાં આવશે.આ ઉપરાંત મહિલાઓની સુરક્ષાને ધ્યાને લઈને ૧૬- શી ટીમ ટીમ એન્ટી રોમીયો સ્કવોડની ટીમો કાર્યરત કરવામાં આવી છે. જે શહેરમાં રોમીયોગીરી કરનારાઓને કાયદાના પાઠ ભણાવવામાં આવશે. તેમજ સાયબર ટીમ દ્વારા સોશિયલ મિડીયા પર સતત મોનિટરીંગ કરીને વાંધાજનક પોસ્ટ મુકનાર વ્યક્તિ ઉપર ત્વરિત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. બુટલેગરો, નશીલા પદાર્થોનું સેવન કરનાર પર વોચ રાખશે.થર્ટી ફર્સ્ટની ઉજવણી એલસીબીની ટીમ દ્વારા જિલ્લાના પ્રોહીબિશન બુટલેગર, પ્રોહીબિશનની પ્રવૃતિ કરનાર ઈસમો ઉપર ખાસ વોચ રાખી ચેક કરવામાં આવશે, તેમજ ઈવેન્ટ યોજનાર તમામ રિસોર્ટ તેમજ ફાર્મ હાઉસ પર કડક ચેકીંગ કરાશે. તેમજ એસઓજી દ્વારા ડ્રગ્સ ડીટેક્શન કીટ દ્વારા નશીલા પદાર્થોનું સેવન કરનાર ઈસમો ઉપર વોચ રાખવામાં આવશે.

# મોરબી જીલ્લામાં બે દિવસ હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી

### ખેડૂતોને તકેદારીનાં પગલા લેવા જીલ્લા ખેતીવાડી કચેરી દ્વારા માર્ગદર્શિકા બહાર પડાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને આગામી ૩૧/૧૨/૨૦૨૫ અને ૦૧/૦૧/૨૦૨૬ એમ બે દિવસ મોરબી જીલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જેથી ખેડૂતોને તકેદારીનાં પગલા લેવા જીલ્લા ખેતીવાડી કચેરી દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડૂતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા.

એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.મા વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્ર ા મ સ ે વ ક / વિ સ્ત ર ણ અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક, જીલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવા મોરબી જીલ્લા ખેતીવાડી કચેરીની યાદીમાં જણાવાયું છે.

# મોરબી મનપા દ્વારા સખી મંડળ બહેનો માટે સ્પર્ધા અને આજીવિકા કેમ્પનું આયોજન



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ તથા મનપાના એક વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સખી મંડળ અને યોજનાકીય લાભાર્થી બહેનો માટે વિવિધ સ્પર્ધાઓ અને આજીવિકા કેમ્પ યોજાયો હતો. આ સ્પર્ધાઓમાં ૪૮ બહેનો અને આજીવિકા કેમ્પમાં ૧૪૭ જેટલી બહેનોએ લાભ મેળવ્યો હતો.

મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી.(અર્બન કમ્યુનિટી ડેવલપમેન્ટ) શાખા દ્વારા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ તથા મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થયાની ઉજવણી અંતર્ગત રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ રચાયેલા સખી મંડળની બહેનો તથા વિવિધ યોજનાકીય લાભાર્થી બહેનો માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૭/૧૨/૨૦૨૫ના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં વાનગી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા અને વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. વાનગી સ્પર્ધામાં ૧૭, મહેંદી સ્પર્ધામાં ૧૧ અને વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં ૧૮ બહેનો એમ કુલ ૪૮ બહેનો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવાયો હતો. તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા તેમજ પ્રથમ અને દ્વિતીય ક્રમાંક મેળવનાર બહેનોને પારિતોષિકોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે સાથે આયોજિત આજીવિકા કેમ્પમાં માટીકામ, ઈમિટેશન જ્વેલરી તથા હેન્ડીક્રાફ્ટના ડેમો આપવામાં આવ્યા હતા, જેથી બહેનો ઘરેબેઠા રોજગાર મેળવી સ્વાવલંબી બની શકે. આ કેમ્પનો લાભ કુલ ૧૪૭ જેટલી લાભાર્થી બહેનો દ્વારા લેવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મોરબી મહાનગરપાલિકા યુ.સી.ડી. શાખાના અધ્યક્ષ, ગુજરાત સ્ટેટ કન્સલ્ટન્ટ અધિકારી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, મહિલા હેલ્પલાઇન અભયમ-૧૮૧, વિભાગ તેમજ માનવ સેવા એજ પ્રભુ સેવા સંસ્થા અને ઈન્ડિયન લાયન્સ ક્લબ સહિતના પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મોરબીમાં અક્ષર કોમ્પ્લેક્ષ નજીકથી તમંચા સાથે એક શખ્સને ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નવા વર્ષની ઉજવણી પૂર્વે મોરબીમાં પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયું છે. ત્યારે મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમે પૂર્વ બાતમીને આધારે સામાકાંઠા વિસ્તારમાં નેશનલ હાઈવે ઉપર આવેલ અક્ષર કોમ્પ્લેક્ષ પાસેથી એક ઇસમને દેશી હાથ બનાવટના તમંચા સાથે પકડી પાડવામાં આવ્યો છે. હાલ પકડાયેલ આરોપી વિરુદ્ધ એલસીબી ટીમે બી ડિવિઝન પોલીસ મથકમાં હથિયારધારા હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસ અધીક્ષકની સૂચનાથી ૩૧ ડિસેમ્બર અને નવા વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખી એલ.સી.બી. મોરબી દ્વારા વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે જાહેર સ્થળો, હોટલ, ફાર્મહાઉસ તથા ભીડભાડવાળી જગ્યાઓ પર અનિચ્છનીય બનાવો ન બને તે માટે સઘન ચેકિંગની કામગીરી ચાલી રહી હોય તે દરમ્યાન મળેલ ખાનગી બાતમીના આધારે મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે ઉપર શક્તિ ચેમ્બરથી આગળ ઉમીયાનગર જવાના રસ્તે આવેલ અક્ષર કોમ્પ્લેક્ષ નજીક તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યાંથી આરોપી ભાવેશભાઇ નિરૂભાઇ જાદવ ઉવ.૩૩ રહે. લાલપર તા.જી.મોરબી વાળાને દેશી હાથ બનાવટના લોખંડના તમંચા કિ.રૂ.૨,૦૦૦/-સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. હાલ આરોપી વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના ગીડચ ગામ નજીક ટેન્કર હડફેટે બુલેટ સવાર બે યુવકોના મોત, એકને ગંભીર ઈજા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ગીડચ-પાનેલી રોડ પર પાણીના ટેન્કરે બુલેટ મોટરસાયકલને હડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં એક યુવકનું સ્થળ ઉપર જ મોત થયું જ્યારે બીજા યુવકનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. ટેન્કર ચાલક અકસ્માત બાદ વાહન લઈને ફરાર થતા તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકાના ગીડચ ગામ નજીક પાનેલી તરફ જતા રસ્તા પર ગઈકાલ તા. ૩૦/૧૨/૨૦૨૫ના રોજ ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ગીડચ ગામના અનીલભાઈ પ્રેમજીભાઈ કુંવરિયા ઉવ.૨૫ તેમના મોટા ભાઈ મહેશભાઈ તથા મિત્ર ભાવેશભાઈ લાભુભાઈ ટીડાણી સાથે બુલેટ મોટરસાયકલ રજી.નં. જીજે-૩૬-એજી-૭૯૮૩ ઉપર મગફળી વેચાણ અર્થે મોરબી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન બુલેટ બાઈક મિત્ર ભાવેશભાઈ ચલાવી રહ્યા હતા, ફરિયાદી અનીલભાઈ અને પાછળ મહેશભાઈ બેઠેલા હતા. ગીડચથી પાનેલી તરફ જતા રસ્તા પર અવાડા પાસેના વળાંક ઉપર સામેથી પાનેલી તળાવમાંથી પાણી ભરી આવતો ટેન્કર રજી.નં. જીજે-૧૦-એક્સ-૭૦૨૨ બેફામ ગતિએ આવી બુલેટને ધડાકાભેર હડફેટે લીધો હતો. અકસ્માતમાં ત્રણેય યુવકો રોડ પર પટકાયા હતા, જેમાં ભાવેશભાઈનું માથું ટેન્કરના ટાયર નીચે આવી જતા તેમનું સ્થળ પર જ મોત થયું હતું. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહેશભાઈને મોરબીની આયુષ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમ્યાન તેમનું પણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ટેન્કર ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા પરિવારજનો તથા ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત ફરિયાદી અનીલભાઈને પ્રથમ મોરબી અને બાદમાં રાજકોટની સિનર્જી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા છે, જ્યાં તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતના બનાવ અંગે ઈજાગ્રસ્ત અનીલભાઈ કુંવરિયાની ફરિયાદના આધારે તાલુકા પોલીસ દ્વારા આરોપી ટેન્કર ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં એક જ દિવસે આગના ત્રણ બનાવ, ફાયર ટીમની સમયસર કામગીરી





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ગઈકાલે તા.૩૦/૧૨ના રોજ ૧૦૧ ફાયર કંટ્રોલ રૂમમાં આગ લાગવાની ત્રણ અલગ અલગ ઘટનાઓના કૉલ આવ્યા હતા. જેમાં પ્રથમ બનાવમાં લજાઈ નજીક બીજ કોર્પોરેશન કંપનીમાં આગ લાગવાની ઘટના નોંધાઈ હતી. બીજા બનાવમાં લાલપર વિસ્તારમાં વન વિભાગના જંગલમાં આગ લાગતા વાવેતર કરેલ ઝાડોને નુકસાન થયું હતું. જ્યારે ત્રીજા બનાવમાં ઘુંટુ રોડ પર હરીઑમ સોસાયટી સામે પંચરની દુકાનમાં પડેલા ટાયરમાં આગ ભભૂકી ઉઠી હતી. ત્રણેય બનાવોમાં કોઈ જાનહાની નોંધાઈ નથી. મોરબી ફાયર ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

મોરબી શહેરમાં ગઈકાલ તા.૩૦ ડિસેમ્બરના રોજ એક જ દિવસ દરમિયાન આગ લાગવાના ત્રણ જુદા જુદા બનાવો સામે આવ્યા હતા, જેના પગલે મોરબી ૧૦૧ ફાયર કંટ્રોલ રૂમ સતત સક્રિય રહ્યો હતો. પ્રથમ કૉલ સવારે અંદાજે ૧૧ વાગ્યે લજાઈ નજીક આવેલી બીજ કોર્પોરેશન કંપનીમાંથી મળ્યો હતો, જ્યાં કોઈ કારણસર આગ લાગી હતી. ફાયર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. જ્યારે બીજો બનાવ બપોરે ૩ વાગ્યે લાલપર વિસ્તારમાં આવેલ વન વિભાગના જંગલમાંથી સામે આવ્યો હતો. અહીં આગ લાગતા વન વિભાગ દ્વારા કરાયેલ વાવેતરના ઝાડોને નુકસાન પહોંચ્યું હતું. ફાયર વિભાગ અને વન વિભાગની સંયુક્ત કામગીરીથી આગને વધુ ફેલાતી રોકી દેવામાં આવી હતી. આ ઉપરાંત આગ લાગવાનો ત્રીજો બનાવ સાંજે ૬.૫૫ વાગ્યે ઘુંટુ રોડ પર હરીઑમ સોસાયટીની સામે આવેલી પંચરની દુકાનમાં નોંધાયો હતો. જેમાં દુકાન પાસે પડેલા ટાયરમાં અચાનક આગ લાગતા તમામ ટાયર બળી ખાખ થઈ ગયા હતા. ત્યારે ફાયર ટીમે ઝડપી કાર્યવાહી કરી આગ પર કાબુ મેળવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણેય આગના બનાવોમાં કોઈપણ પ્રકારની જાનહાની નોંધાઈ નથી. મોરબી ફાયર વિભાગની સમયસર અને અસરકારક કામગીરીને કારણે મોટી નુકસાનની ઘટના ટળી હતી.

# મોરબી સમસ્ત બ્રહ્મ સમાજ યુવક મંડળ ટ્રસ્ટના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ભવાની ચોક સ્થિત સમસ્ત બ્રહ્મ સમાજ યુવક મંડળ ટ્રસ્ટ ખાતે મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગમાં આગામી બે વર્ષ માટે ટ્રસ્ટના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે, ત્યારે પ્રમુખ સહિતના હોદ્દેદારોની પસંદગી થતા તેમને ટ્રસ્ટીઓએ શુભકામનાઓ પાઠવી હતી.

મોરબી શહેરના લખધીરવાસ ચોક નજીક આવેલા ભવાની ચોક સ્થિત સમસ્ત બ્રહ્મ સમાજ યુવક મંડળ ટ્રસ્ટના કાર્યાલય ખાતે તાજેતરમાં મીટીંગ મળી હતી. આ મીટીંગમાં ટ્રસ્ટીઓ અને સભ્યોની હાજરીમાં આગામી બે વર્ષ માટે ટ્રસ્ટના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે પ્રમુખ પદે ધ્યાનેશભાઈ રાવલની પસંદગી કરવામાં આવી હતી. આ ઉપરાંત મહામંત્રી પદે પ્રણવભાઈ એચ. ત્રિવેદી, ઉપપ્રમુખ પદે મધુસુદનભાઈ સી. ઠાકર તથા નીતિનકુમાર એ. પંડ્યા અને સહમંત્રી પદે સૂર્યકાંતભાઈ એસ. ઠાકર તેમજ ખજાનચી પદે નરેન્દ્રભાઈ બી. મહેતાની વરણી કરવામાં આવી હતી. નવનિયુક્ત હોદ્દેદારોને સમસ્ત બ્રહ્મ સમાજ યુવક મંડળ ટ્રસ્ટ મોરબી તરફથી અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# લાલપુરના કાનાછિકારીમાં જાહેરમાં જુગાર રમતા છ ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુર તાલુકાના કાનાછિકારી ગામની સીમમાં સસોઈ નદીના કાંઠે.એલસીબી.દરોડો પાડ્યો હતો. આ દરોડામાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા છ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. એલસીબી. એ રોકડ, મોબાઈલ ફોન અને મોટરસાયકલ સહિત કુલ રૂ. ૨.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, લોકલ ક્રાઇમ બ્રાન્ચને કાનાછિકારી ગામમાં સસોઈ નદીના કાંઠે એક ખેતરના શેઢે જુગાર રમાતો હોવાની ખાનગી બાતમી મળી હતી.આ બાતમીના આધારે. એલસીબી ના અરજણભાઈ, ધર્મેન્દ્રસિંહ અને મયુદ્દીન સૈયદે પી.આઈ. વી.એમ. લગારીયાને જાણ કરી હતી. ત્યારબાદ.એલસીબી ના સ્ટાફે સસોઈ નદીના કાંઠે આવેલા મહિપતસિંહ વાઢેર નામના ખેડૂતના ખેતરના શેઢા નજીક દરોડો પાડ્યો હતો.દરોડા દરમિયાન તીનપત્તીનો જુગાર રમતા અમિત હૈદરઅલી કાનાણી, મહિપતસિંહ ગોવુભા વાઢેર, પરસોત્તમભાઈ દેવજીભાઈ ધારવીયા, વિનોદ દેવાભાઈ ચોપડા, રમેશભાઈ નારણભાઈ નંદાસણા અને જુવાનસિંહ નારસિંહ જાડેજા નામના છ શખ્સો મળી આવ્યા હતા.જુગારના પટમાંથી રોકડા રૂ. ૬૨,૫૦૦, પાંચ મોબાઈલ ફોન અને ત્રણ મોટરસાયકલ મળી કુલ રૂ. ૨,૩૭,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કોર્પોરેટર પર હુમલા અંગે કોંગ્રેસી નગરસેવક સહિત ૬ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના વોર્ડ નંબર ૧૨ના કોર્પોરેટર અસલમ ખીલજી પર હુમલો કરવા અંગેના પ્રકરણમાં રાજકીય રાગદ્વેષ સામે આવ્યો છે. તે જ વોર્ડના કોંગી કોર્પોરેટર અલ્તાફ ખફીએ તેના પાંચ સાગરીતો મારફતે આ જીવલેણ હુમલો કરાવ્યાની ફરિયાદ નોંધાવાતાં ચકચાર જાગી છે. પોલીસે પૂર્વ વિપક્ષી નેતા સહિત છ આરોપીઓ સામે હત્યા પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનોં નોંધ્યો છે.

વોર્ડનંબર ૧૨નાં વર્તમાન કોર્પોરેટર અસલમ ખીલજી ઉપર ભીડભંજન રોડ પર હુમલો કરાયો હતો. તેઓ પોતાનું બાઇક લઇને મહાનગર પાલિકાની કચેરીમાંથી બહાર નીકળ્યા દરમિયાન એક કારમાં પાંચ શખ્સો ધારદાર હથિયાર સાથે ઉતરી પડયા હતા અને જીવલેણ હુમલો કરતાં ગંભીર રીતે ઘાયલ કોર્પોરેટરને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તે સારવાર હેઠળ છે.આ બનાવ અંગે મોડી રાત્રે ઈજાગ્રસ્ત અસલમ ખીલજીના ભત્રીજા શાહનવાજ મોહમ્મદ હનીફ ખીલજીએ સિટી એ.ડિવિઝન પોલીસ મથકમાં વોર્ડ નંબર-૧૨ના કોર્પોરેટર અલતાફભાઇ ખફીના કહેવાથી રાજકીય રાગદ્વેષના કારણે આ હુમલો કરાયો હોવાની ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર અસલમભાઇ ખીલજી રાજકીય આગેવાન હોય અને તેઓની કોંગી કોર્પોરેટર અલ્તાફભાઇ ખફી સાથે રાજકીય વાંધા ચાલતા હોય જે બાબતનો ખાર રાખી તેઓને મારી નાખવાના ઈરાદાથી કોર્પોરેટર અલ્તાફભાઇ ખફીએ પોતાના માણસો જુનેદ ઉર્ફે પાવડરીયો ઉર્ફે જુનીયો પટણી રજાકભાઇ ચૌહાણ, ઈસ્તીયાક ઉર્ફે ચોટલી બોદુભાઇ કુરેશી, સલીમ વલીભાઇ ખીલજી, હબીબ ખફી, તથા સમીર ઉર્ફે ચોર.શકીલભાઇ ચૌહાણ વગેરેને મોકલી તલવાર તથા લોખંડના પાઇપ તથા લાકડાના ધોકા વડે માર મારતા અસલમભાઇને માથામાં ઈજા તથા ડાબા હાથમાં ફેક્ચર તથા બંને પગમાં ઘુંટણથી નીચેના ભાગે ફેક્ચરની ઇજા થઇ છે. સીટી એ.ડિવિઝનના ઇન્ચાર્જ પી.આઇ. પી.પી.ઝા અને તેઓની સમગ્ર ટીમે આ પ્રકરણમાં તપાસ શરૂ કરી છે. આ બનાવને લઇને કાલાવડ નાકા બહાર પટણીવાડ સહિતના વિસ્તારમાં ભારે તંગદિલી ફેલાયેલી છે, અને પોલીસ દ્વાર સજ્જડ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે તથા પોલીસે સમગ્ર વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું.

# વાંકાનેરમાં ધાર્મિક વિડિયો ફોરવર્ડ મુદ્દે વેપારી ઉપર હૂમલો, છ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ




**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર શહેરમાં ધાર્મિક વિડિયો ફોરવર્ડ કરવાની બાબતે વિવાદ ઉગ્ર બન્યો હતો. રાજકોટ રોડ પર વેપારીને ગાડીમાંથી બહાર કાઢી લાકડી અને લોખંડના પાઇપથી માર મારવામાં આવ્યો હતો. હાલ ભોગ બનનાર દ્વારા વાંકાનેર સીટી પોલીસ મથકમાં છ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં ધાર્મિક વિડિયો ફોરવર્ડ કરવાની બાબતે થયેલા હુમલા અંગે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી હુસેનભાઈ ઈબ્રાહિમભાઈ ગઢવારા ઉવ.૫૨ રહે. તીથવા રોડના માર્ગે વાંકાનેર વાળાએ આરોપી સાહિદહુસેન અમીયલભાઇ વકાલીયા રહે. રાજાવડલા, જુબેર ઇકબાલભાઇ તરકબાણ રહે.વાંકાનેર, લતિફ અમીયલભાઇ રહે.રાજાવડલા, સોયબ વારસી રહે.વાંકાનેર, હનિફ મતવો રહે.વાંકાનેર તથા સફિર અબ્બાસભાઇ ગઢવારા રહે.ટોળ તા.વાંકાનેર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરીયાદી હુશેનભાઈને ઉપરોક્ત આરોપીઓએ પોતાના ધર્મના ખલીફાના વિડીઓના નંબર બાબતે ફરીયાદીએ વિડીઓ ફોરવર્ડ કરેલ હોય જે બાબતે આરોપીઓને સારૂ નહિ લાગતા તા. ૨૯/૧૨/૨૦૨૫ના રોજ સાંજના અરસામાં રાજકોટ રોડ પર રાજાવડલા રોડ બોર્ડ પાસે આરોપીઓએ ફરીયાદીને ગાડીમાંથી બહાર કાઢવાની કોશિશ કરી લાકડી તથા લોખંડના પાઇપ વડે શરીરના વિવિધ ભાગે માર માર્યો હતો, જેમાં ફરીયાદીને મુઢ ઇજાઓ પહોંચી હતી તેમજ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ ઉપરાંત આરોપીઓએ ફરીયાદીની દુકાને જઈ ટાટીયા ભાંગી નુકસાન પહોંચાડ્યું હતું અને ફરીયાદી માર મારવાની ધમકી આપી હતી. હાલ વાંકાનેર સીટી પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કરાટેની ટુર્નામેન્ટમાં ભાગ લેવા આવેલી યુવતીનું બેગ પરત અપાવતી પોલીસ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર યોજાયેલી કરાટેની ટુર્નામેન્ટમાં ગોલ્ડમેડલ પ્રાપ્ત કરનાર રાજકોટની યુવતીનું બેગ એક રિક્ષામાં ભુલાઈ ગયા પછી કમાન્ડ એન્ડ કંટ્રોલની ટીમે તે રિક્ષા શોધી બેગ પરત અપાવ્યું છે.જામનગરમાં કરાટે કલબ દ્વારા ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટની એક યુવતીએ ભાગ લીધો હતો. જેમાં તેણીને ગોલ્ડમેડલ પ્રાપ્ત થયા હતા. ત્યારપછી આ યુવતી રાજકોટ પરત જવા માટે પટેલ કોલોનીની શેરી નં.૧૨થી સાતરસ્તા સુધી જવા માટે રિક્ષામાં બેઠા હતા.આ વેળાએ કરાટેનો બેલ્ટ, કરાટેનો ડ્રેસ તથા બે ગોલ્ડમેડલ જેમાં હતા તે બેગ રિક્ષામાં ભુલાઈ ગઈ હતી. આ યુવતીએ જામનગરમાં દક્ષાબેન નિતેશભાઈનો સંપર્ક કર્યા પછી પોલીસના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મદદ માંગી હતી. જેના પગલે સેન્ટરની ટીમે સીસીટીવી ફૂટેજ ચકાસ્યા પછી રિક્ષાના નંબર અને તેના ચાલકને શોધી કાઢી બેગ પરત મેળવી આ યુવતીને.સોંપી આપી હતી.

# મોરબીમાં વાવડી રોડ ઉપરથી ૫૦ પ્રતિબંધિત ચાઈનીઝ ફિરકી સાથે યુવક અને બે બાળ કિશોર ઝડપાયા

મોરબી વાવડી રોડ વિસ્તારમાં પ્રતિબંધિત ચાઈનીઝ ફિરકી વેચાણના ઈરાદે રાખી હોવાનું સામે આવ્યું છે. પોલીસે એક યુવક તથા કાયદાના સંઘર્ષમાં આવેલા બે બાળ કિશોરોને ૫૦ ચાઈનીઝ ફીરકી સાથે ઝડપી લેવામાં આવ્યા છે. આ મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે. મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે વાવડી રોડ, નાની વાવડી મેલાબાપાના મંદિર પાસે રેઈડ કરી આરોપી જયદીપસિંહ જશવંતસિંહ ઝાલા ઉવ.૧૯ રહે.વાવડી રોડ અને કાયદાના સંઘર્ષમાં આવેલા બે બાળ કિશોરોને પ્રતિબંધિત ચાઈનીઝ ફિરકી (માંજો) નંગ-૫૦ કિ.રૂ.૨૦,૦૦૦/- સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. હાલ આરોપીઓ વિરુદ્ધ જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર કોલેજમાં સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સેમિનાર યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા શહેરની એમ.પી. શાહ કોમર્સ કોલેજ તથા કે.પી. શાહ લો-કોલેજમાં નાર્કોટીક્સ અંગેની વિગતો આપવા સેમિનાર રાખવામાં આવ્યો હતો તેની સામે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા સાયબર ફ્રોડ અંગે પણ વિગતો આપવામાં આવી હતી. સાડા ત્રણસોથી વધુ વિદ્યાર્થીઓને તથા સ્ટાફને નશાકારક પદાર્થોથી દૂર રહેવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

# વી.જી.આર.સી.ના આયોજન અંગે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં વિવિધ કમિટીઓની બેઠક યોજાઈ

### ગાંધીનગરથી યોજાયેલી વીડિયો કોન્ફરન્સમાં રાજકોટમાં થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જાન્યુઆરી માસમાં યોજાવા જઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સના આયોજન અંગે જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં વિવિધ કમિટીઓની બેઠક યોજવામાં આવી હતી. આ સાથે ગાંધીનગરથી આજે વી.જી.આર.સી. સંદર્ભે વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા કલેક્ટરએ રાજકોટમાં હાલમાં કોન્ફરન્સ અંગે થઈ રહેલી વિવિધ કામગીરીઓની વિગતો આપી હતી.

કલેક્ટર કચેરી ખાતે આયોજિત આ બેઠકમાં જિલ્લા કલેક્ટરએ વી.જી.આર.સી.ના આયોજન માટે બનેલી વિવિધ સમિતિઓના અધ્યક્ષઓ તથા સભ્યો પાસેથી તેઓની કમિટીની કામગીરીની વિગતો જાણી હતી.

વી.જી.આર.સી.માં ભાગ લેવા આવી રહેલા વિદેશી ડેલિગેટ્સ તથા મહાનુભાવો માટે આનુષંગિક વ્યવસ્થાઓ, પાર્કિંગ તેમજ અન્ય જરૂરી વ્યવસ્થાઓની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા કલેક્ટરએ સૂચના આપી હતી. કાર્યક્રમ સ્થળે વીજ પુરવઠો જાળવવા, પૂરતી સંખ્યામાં ઈ-કાર્ટ રાખવા, જરૂરી મેડિકલ વ્યવસ્થાઓ રાખવા પણ તેમણે સૂચના આપી હતી.

વીડિયો કોન્ફરન્સમાં વી.જી.આર.સી. માટે રાજકોટ તેમજ સૌરાષ્ટ્રભરમાંથી ઉદ્યોગકારોના પૂરતા રજીસ્ટ્રેશન થાય તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, ડી.આર.ડી.એ.ના નિયામક એ. કે. વસ્તાણી, રૂડાના ચેરમેન જી. વી. મિયાણી, રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કમિશનર હર્ષદ પટેલ, ડી.સી.પી. ક્રાઈમ જગદીશ બાંગરવા, રાજકોટ ઝોન-૧ ડી.સી.પી. હેતલ પટેલ, આસિસ્ટન્ટ કલેક્ટર સ મહેક જૈન, નિવાસી અધિક કલેક્ટર એન. કે. મુછાર, નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનરની કચેરીના અધિક કલેક્ટર ઈલાબેન ચૌહાણ, રાજકોટ સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડૉ. મોનાલી માકડિયા, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના અધિકારી કેતન ખપેડ, અન્ય પ્રાંત અધિકારીઓ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા તેમજ હાઈવે પર વાહન અકસ્માતના કારણો અને પ્રમાણ ઘટાડવા અંગે સંલગ્ન વિભાગના અધિકારીઓ સાથે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

પોલીસ કમિશનરએ સ્કૂલ પીકઅપ વાન અને વાલીઓ દ્વારા શાળાએ મુકવા તથા તેડવા આવે તે સમયે જાહેર માર્ગોના બદલે સ્કૂલ કેમ્પસનો ઉપયોગ કરે તે માટે પોલીસ વિભાગને કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જયારે હાઈવે પર વારંવાર ગેરકાયદે મીડીયમ ગેપ તોડનારા લોકોને શોધી કાઢવા નજીકના પેટ્રોલ પંપ કે હોટેલ ધારકોને સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અથવા તેમની જવાબદારી ફિક્સ કરવા હાઈવે ઓથોરિટીને સૂચના આપી હતી.

કારમાં બ્લેક ફિલ્મ લગાડનાર વાહન ચાલાક વિરુદ્ધ કામગીરી કરવા અને તેના વેચાણકર્તા વિરુદ્ધ ડ્રાઈવ કરવા, રોડ કામગીરી પૂર્ણ થયેલ ચોકમાં ટ્રાફિક સિગ્નલ અને સી.સી.ટી.વી. પુનઃ કાર્યરત કરવા મહાનગરપાલિકાને પણ બ્રજેશ કુમારે સૂચના આપી હતી.

આ તકે ડી.સી.પી. ટ્રાફિક હરપાલસિંહ જાડેજાએ વર્ષ દરમ્યાન ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે માહિતી આપી હતી. વર્ષ દરમ્યાન વિભાગ દ્વારા ૨,૫૨,૦૨૮ કેસ અને રૂ. ૯,૧૩,૧૭,૯૫૦ ની દંડનીય કાર્યવાહી કરવામાં આવી હોવાનું જણાવી ફેન્સી નંબર પ્લેટ, સફેદ એલ.ઈ.ડી. વિરુદ્ધ કામગીરી ચાલુ રાખવા તેમજ સિટી બસ પણ જો નિયમો વિરુદ્ધ ચાલશે તો તેમના વિરુદ્ધ પણ કામગીરી કરવા તાકીદ કરી હતી.

બેઠકમાં સેફટી કમિટીના સલાહકાર શ્રી જે.વી. શાહે ટ્રાફિક સિગ્નલ પર નાના બાળકો અને ભિક્ષુકોને હટાવવા તેમજ બિનજરૂરી બેરિકેડને દૂર કરવા, ટ્રાફિક સિગ્નલ નજીક ઉભી રહેતી રીક્ષાઓ દૂર કરાવવા સૂચન કર્યુ હતું. જેનું અમલીકરણ કરવા પોલીસ કમિશનરએ સૂચના આપી હતી.

મહાનગરપાલિકના અધિકારી અઢિયાએ શહેરમા ચાલી રહેલા રોડ, સાઈનેજીસ, કર્બ, ક્રેશ બેરીયર વગેરે કામગીરીની વિગત પુરી પાડી હતી. આર.ટી.ઓ. દ્વારા ટ્રાફિક ડ્રાઈવ અને કરવામાં આવેલા કેસની માહિતી પુરી પાડવામાં આવી હતી

# મોરબી મહાપાલિકાના ઉજવણી સપ્તાહમાં ધો.૧૧ની વિદ્યાર્થિની ૧ કલાક માટે બની મ્યુનિસિપલ કમિશનર



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થતાં ઉજવણી સપ્તાહ અંતર્ગત અનોખો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ધોરણ ૧૧ની વિદ્યાર્થિની આયુષી મકાસણાને એક કલાક માટે મ્યુનિસિપલ કમિશનર બનાવવામાં આવી હતી. આ દરમિયાન આયુષીએ વિવિધ વિભાગોની કામગીરી નિહાળી અને કામગીરી અંગે જરૂરી આદેશો આપ્યા હતા.

મોરબી મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થતા ઉજવણી સપ્તાહ ચાલી રહ્યો છે, જેના ભાગરૂપે આજે ''ડે વિથ કમિશનર'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૧૧ ની વિદ્યાર્થિની આયુષી મકાસણાને સાંજે ૫.૨૦ થી ૬.૨૦ વાગ્યા સુધી એક કલાક માટે મ્યુનિસિપલ કમિશનર તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. કમિશનર બનેલી આયુષી મકાસણાએ જણાવ્યું હતું કે શહેરમાં નાના સ્તરેથી લઈ ઉચ્ચ સ્તર સુધી કેવી રીતે કામગીરી થાય છે તે આજે પ્રત્યક્ષ જોઈ અને સમજવા મળ્યું. તેમણે સફાઈ, દંડ વસુલાત, મિટિંગ પ્રક્રિયા સહિતની કામગીરીનું અવલોકન કર્યું હતું. સાથે જ સબ જેલથી લીલાપર રોડ સુધી ચાલી રહેલી રોડની કામગીરી અંગે વિગતો મેળવી જરૂરી સૂચનાઓ અને આદેશો પણ આપ્યા હતા. કમિશનરની સાપ્તાહિક સફાઈ મિટિંગ અને રાત્રી વિઝિટ અંગે પણ તેમને જાણકારી મેળવી હતી. તેમણે પ્રજાને પોતાની સમસ્યાઓ અંગે ફરિયાદ કરવા અપીલ કરી, તેમજ પ્રજા અને કમિશનરના સમન્વયથી જ શહેરમાં વિકાસ શક્ય હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેએ જણાવ્યું હતું કે, ગઈકાલે ૧૫૦ બાળકોએ મહાનગરપાલિકાની મુલાકાત લઈ કામગીરી અંગે માહિતી મેળવી હતી. આજે ''ડે વિથ કમિશનર'' કાર્યક્રમ અંતર્ગત ૧૦ બાળકો કમિશનર સાથે રહ્યા હતા. રવાપર ક્લસ્ટર ઓફિસની મુલાકાત લઈ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યાર-બાદ વિદ્યાર્થીઓએ સાઈટ વિઝિટ દ્વારા સફાઈ અને અન્ય કામગીરીઓનું અવલોકન કર્યું હતું અને અંતે મનપાની મિટિંગમાં હાજરી આપી શાસન પ્રક્રિયાની વ્યવહારુ સમજ મેળવી હતી.

# ઓસમ પર્વત પર આરોહણ-અવરોહણ સ્પર્ધાના દિવસે પ્રવાસીઓની અવરજવર પર પ્રતિબંધ

### ૨ જાન્યુઆરીએ સ્પર્ધાના સુચારુ આયોજન માટે સવારે પર્વતના પગથિયા પર પ્રવેશબંધી ફરમાવાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના પાટણવાવ ખાતે આવેલા ઓસમ પર્વત પર આગામી ૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાજ્યકક્ષાની પર્વતારોહણ સ્પર્ધા યોજાનાર છે. આ સ્પર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકોને કોઈ અડચણ ના થાય હેતુથી રાજકોટ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન. કે. મુછારે જાહેરનામા મારફત સ્પર્ધાના દિવસે પર્વતના પગથિયા પર પ્રવાસીઓ માટે પ્રવેશબંધી ફરમાવી છે.

આ જાહેરનામા મુજબ, ૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મધ્યર-ાત્રિના ૧૨ કલાકથી બપોરના ૧૨ કલાક સુધી ઓસમ પર્વતના સીડીના પગથિયા પર સામાન્ય પ્રવાસીઓ, યાત્રાળુઓ કે અન્ય વ્યક્તિઓ અવરજવર કરી શકશે નહીં. સ્પર્ધા માટે અધિકૃત અધિકારીઓ, સ્વયંસેવકો અને કાયદેસરની ફરજ બજાવતા કર્મચારીઓને આ જાહેરનામુ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# હળવદમાં અશ્લીલ ફોટા-વિડિયો વાયરલ કરવાની ધમકી આપી પાંચ લાખની ખંડણી, બે શખ્સો સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ શહેરમાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીના અશ્લીલ ફોટા અને વિડિયો વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા પાંચ લાખની ખંડણી માંગવાનો મામલો સામે આવ્યો છે. બે શખ્સો દ્વારા ફોન પર જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવતી હતી. ત્યારે સમગ્ર બનાવ અંગેની ફરિયાદના આધારે હળવદ પોલીસે બન્ને આરોપી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હળવદ શહેરના ધ્રાંગધ્રા દરવાજા અંદર, રાવલફળી પાસે રહેતા અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા ફિરોજભાઈ યુનિશભાઈ સંઘી ઉવ.૩૦ દ્વારા હળવદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ આજથી અંદાજે એક વર્ષ પહેલાં જમીન લે-વેચ બાબતે અનસભાઈ સંઘી અને હાજી સલીમભાઈ સંઘી બંને રહે. ધ્રાંગધ્રા સાથે ઓળખાણ અને મિત્રતા થઈ હતી. ત્યારે છેલ્લા દસેક દિવસથી આરોપીઓ દ્વારા ફરિયાદીના મોટા ભાઈ માજીદભાઈ યુનિશભાઈ સંઘીના મોબાઈલ પર અવારનવાર ફોન કરી રૂપિયા પાંચ લાખની માંગ કરવામાં આવી રહી હતી. આરોપીઓએ ધમકી આપી હતી કે રૂપિયા નહીં આપે તો તેમના નાનાભાઈ ફરિયાદી ફિરોઝભાઈના અશ્લીલ ફોટા અને વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી દેશે તેમજ જાનથી મારી નાખવાની પણ ધમકી આપવામાં આવી હતી. આ સમગ્ર બાબત અંગે ફિરોજભાઈને જાણ થતા આ અંગે હળવદ પોલીસ મથકે ઉપરોક્ત બન્ને આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના નવલખી રોડ મફતીયાપરા વિસ્તારમાં તીનપત્તીનો જુગાર રમતા ચાર મહિલા સહિત પાંચ ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નવલખી રોડ વિસ્તારમાં આવેલ મફતીયાપરામાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા હોવાની મળેલ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસે રેઈડ કરી ચાર મહિલા સહિત પાંચ ઈસમોને ઝડપી લીધા હતા. આ સાથે પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૨,૮૦૦ રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમ્યાન મોરબીના નવલખી રોડ, રણછોડનગર અમૃતપાર્ક પાછળના મફતીયાપરા વિસ્તારમાં જાહેરમાં તીનપત્તી જુગાર રમાતો હોવાની માહિતી મળી હતી. જેના આધારે પોલીસે તાત્કાલિક રેઈડ કરી હતી. ત્યારે રેઈડ દરમ્યાન જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા લક્ષ્મણભાઇ દેવજીભાઇ સોલંકી ઉવ.૭૪, રજીયાબેન મહેબુબભાઇ સુમરા ઉવ.૩૦, રોશનબેન યુનુશભાઇ જુસબભાઇ સુમરા ઉવ.૪૮, રોશનબેન હસણભાઇ લાખાભાઇ સુમરા ઉવ.૨૩ અને છાયાબેન દીલીપભાઇ મોહનભાઇ કુઢીયા ઉવ.૨૬ રહે તમામ મોરબી વાળાને રોકડા રૂ. ૨,૮૦૦/- સાથે ઝડપી લેવામાં આવ્યા છે. હાલ તમામ આરોપીઓ વિરુદ્ધ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં હવાલાના રૂપિયાની ઉઘરાણી મુદ્દે યુવક પર છરી-ધારીયાથી હુમલો, પાંચ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં હવાલાના રૂપિયાની ઉઘરાણીના વિવાદને લઈ એક યુવક પર છરી અને ધારીયા વડે હુમલો કરાયો હતો. હુમલામાં યુવકને માથા, કાન અને હાથમાં ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયો હતો. સમગ્ર બનાવ અંગે ભોગ બનનારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પાંચ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, મોરબીના નર્મદા હોલ પાસે વજેપર ખાતે રહેતા સાહિલ ઈશાકભાઈ દલવાણી ઉવ.૨૦ એ આરોપી સમીર ઉર્ફે ધમો ઇબ્રાહિમ લંજા, તોફીક ઇબ્રાહિમ લંજા રહે-બન્ને મોરબી તથા અન્ય ૩ અજાણ્યા આરોપી વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં હવાલાના રૂપિયાની ઉઘરાણીના વિવાદને લઈ હિંસક હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ગઈકાલ ૩૦/૧૨/૨૦૨૫ના બપોરના સાડા અગિયાર વાગ્યાના અરસામાં રામચોક ખાતે આરોપીઓએ ફરિયાદી સાથે હવાલાના રૂપિયાની લેવડદેવડ બાબતની વાતચીતના બહાને લાતી પ્લોટ શેરી નં-૧૧ ખાતે લઈ જઈ ઝગડો કર્યો હતો. આ દરમિયાન આરોપી ૩ અને આરોપી ૪ તથા એક અજાણ્યો ઈસમ સહિત પાંચેય આરોપીઓએ ફરીયાદી સાથે બોલાચાલી કરી હતી. આરોપી સમીર ઉર્ફે ધમાએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી ફરીયાદીના માથામાં તથા કાનમાં ઈજા પહોંચાડી હતી, જ્યારે આરોપી તોફિકે ધારીયા વડે ડાબા હાથમાં મુઢ ઈજા કરી હતી. સાથે જ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. હાલ સીટી એ ડિવિઝન પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના ભડીયાદ અને રફાળેશ્વર ગામેથી વર્લી ફિચર્સનો જુગાર રમતા બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસે જુગારધારા હેઠળ અલગ અલગ બે સ્થળે રેઈડ કરી છે. જેમાં ભડીયાદ રોડ અને રફાળેશ્વર મંદિર પાછળ જાહેરમાં વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમતા બે ઈસમોને તાલુકા પોલીસે ઝડપી લઈ બંને પાસેથી રોકડ અને જુગાર સાહિત્ય જપ્ત કરી ગુનો નોંધ્યો છે. મોરબી તાલુકા પોલીસ તથા એલ.સી.બી. મોરબી દ્વારા જુગારની રેઈડમાં અલગ અલગ બે સ્થળે જાહેરમાં નશીબ આધારિત વર્લી ફિચર્સના આંકડા લખી જુગાર રમતા બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પ્રથમ બનાવમાં ભડીયાદ રોડ પર આવેલ ''૨૨૨'' નામના કારખાના પાસે જાહેરમાં જુગાર રમતા મકસુદભાઈ મુસાભાઈ ચૌહાણ ઉવ.૩૭ ને ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી વર્લી ફિચર્સના આંકડા લખેલી ડાયરી, બોલપેન તથા રોકડ રૂ.૧,૨૫૦/- મળી કુલ રૂ.૧,૨૫૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જ્યારે બીજા બનાવમાં રફાળેશ્વર મંદિર પાછળ રેલ્વે ફાટક પાસે જાહેરમાં જુગાર રમતા રોહિતભાઇ જીતેશભાઇ કાંજીયા ઉવ.૨૫ને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા તેમની પાસેથી વર્લી ફિચર્સના આંકડા લખેલી ડાયરી, બોલપેન તથા રોકડ રૂ.૧,૪૦૦/- મળી કુલ રૂ.૧,૪૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# ગોંડલ સિવીલ હોસ્પિટલમા ખુલ્લા શરીરે છરી સાથે ગાળો બોલતા યુવકનો વિડીયો વાયરલ

**મુખ્ય સમાચાર, ગોંડલ**



ગોંડલ સિવીલ હોસ્પિટલમા ખુલ્લા શરીરે છરી સાથે ગાળો બોલતા યુવકનો વિડીયો વાયરલ થયો છે ત્યારે સરકારી હોસ્પિટલ જાણે બખેડા કે બબાલ કરવાનું ઘર બની હોય તેમ છાસવારે આવી ઘટનાઓ બનતી રહે છે. હાલ સોશિયલ મીડિયામાં ફરી રહેલા આ વિડિયોએ ચર્ચા જગાવી છે. વિડીયોમાં હોસ્પિટલ નાં ગ્રાઉન્ડ માં એક યુવાન માત્ર પેન્ટ પહેરેલી હાલત માં હાથ માં છરી રાખી અન્ય બે થી ત્રણ લોકો સાથે ગંદી ગાળો બોલી બખેડો કરતો નજરે પડેછે.આ તમાશો જોવા લોકોનાં ટોળા એકઠા થયા હતા. ખુબીની વાત તો એ કહેવાય કે હોસ્પિટલ ગ્રાઉન્ડમાં પોલીસ ચોકી આવેલી છે.પણ આ લુખ્ખા તત્વો જાણે પોલીસનાં અસ્તિત્વને પડકારતા હોય તેમ હાથમાં છરી સાથે બબાલ કરી રહ્યા છે. ગોંડલની સરકારી હોસ્પિટલ સમગ્ર તાલુકા માટે આરોગ્યનો આધાર સ્થંભ છે.ત્યારે લુખ્ખા કે અસામાજીક તત્વો સામે પોલીસ નક્કર પગલા ભરે અથવા સિક્યુરિટીની કડક વ્યવસ્થા ઉભી થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# મોરબી તાલુકામાં અલગ અલગ બે સ્થળે અપમૃત્યુના બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા વિસ્તારમાં બે અલગ અલગ બનાવોમાં બે વ્યક્તિઓના મૃત્યુ થયા છે. રંગપર નજીક સિરામીક કારખાનામાં ટ્રકમાં સુતેલા મજૂરનું મોત થયું છે. જ્યારે બેલા ગામની સિરામીક ફેક્ટરીમાં કામ દરમિયાન ઇજાગ્રસ્ત યુવાનનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજ્યું હતું. બંને બનાવોમાં મોરબી તાલુકા પોલીસે અ.મોત નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

અપમૃત્યુનો પ્રથમ બનાવ રંગપર ગામની સીમમાં આવેલ લીનિયા સિરામીક કારખાનામાં બન્યો હતો. આ બનાવમાં નટવરસિંહ આર. પરમાર ઉવ.૬૦ રહે. આણંદ જી. અમદાવાદ, ટ્રકમાં સુતેલા હતા ત્યારે તેમને જગાડવા પ્રયત્ન કરતા તેઓ ન ઉઠતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોરબી સરકારી હોસ્પિટલમાં લાવવ-ામાં આવ્યા હતા, જ્યાં તેઓ મરણ પામેલ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. આ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી છે. જ્યારે બીજો અમૃત્યુનો બનાવ મોરબી તાલુકાના બેલા ગામની સીમમાં આવેલ ફ્યુજન સિરામીક કારખાનામાં નોંધાયો છે. આ બનાવમાં પ્રતાપભાઇ શૈલાબભાઇ સાવૈયા ઉવ.૨૨ રહે. ફ્યુજન સિરામીક કારખાનામાં કામ કરતા હતા. કામ દરમિયાન પગમાં ઇજા થતાં પ્રથમ મોરબીની સમર્પણ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયા જે બાદ વધુ સારવાર અર્થે શિવમ હોસ્પિટલ તથા ૨૪/૧૧/૨૦૨૫ ના રોજ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલતમાં સારવાર દરમ્યાન તેમનું અવસાન થયું હતું. આ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોત દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભગતસિંહ ગાર્ડન પાસે કવાર્ટરમાં કુખ્યાત શખ્સે સમાધાન કરાવવાનું કહી છરી સાથે આતંક મચાવ્યો

### અગાઉ ધમકી, હુમલો પ્રોહીબીશન હેઠળ પોલીસ ચોપડે ચડી ચુકેલા શખ્સ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ પર ભગતસિંહ ગાર્ડન પાસે કવાર્ટરમાં કુખ્યાત ઉમંગ પટેલ સહિત બે શખ્સોએ કારમાં ધસી આવી યુવાનના ઘરના ડેલા પર છરીના ઘા ઝીંકી ધમાલ મચાવી હતી. બાદમાં ફરી બીજીવાર આવી છરી વડે હુમલો કરી સમાધાન નહીં કરાવ તો જાનથી મારી નાંખશું તેવી ધમકી આપી હતી. આ અંગે પોલીસે બંને શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ભગતસિંહ ગાર્ડન પાછળ ત્રણ માળીયા કવાર્ટરમાં રહેતા નીશાબેન ડેનીશભાઈ દેસાણી (ઉ.વ.૨૬)એ યુનિ. પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ઉમંગ પટેલ અને રાજ પટેલના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ રાત્રે પોણા ત્રણ વાગ્યાના અરસામાં તેઓ ઘરે સુતા હતા ત્યારે ઘર બહાર કાળા કલરની નંબર પ્લેટ વગરની એન્ડોવર કાર આવેલી જેમાં પ્રેસનું બોર્ડ લગાવેલ હતું. જે ગાડીમાં ઉમંગ પટેલ અને રાજ પટેલ હોય જેઓએ ફરિયાદીના પતિને કહેલુ કે, તું અમાર અને જયેશભાઈ વચ્ચે સમાધાન કરાવી આપ તે બાબતે માથાકૂટ થયેલી અને તેઓએ દરવાજો ન ખોલતા બંનેએ ઉશ્કેરાઈ જઈ રાજે પોતાની પાસે રહેલી છરી કાઢી દરવાજામાં છરીના ઘા ઝીંકીયા હતા અને બારીમાં લાગેલી મચ્છરની જાળી તોડી નાખી હતી નુકસાન કરી દરવાજા ઉપર ઇટના ઘા ઘટકારી નાશી છુટ્યા હતા. બાદમાં એકાદ કલાક બાદ ફરી ઘસી આવ્યા હતા અને ફરિયાદી અને તેના પતિ ઘર બહાર હોય બંને આરોપીઓ છરી વડે પતિ ઉપર હુમલો કરતા ફરિયાદી પતિને બચાવવા વચ્ચે પડતા તેને હાથમાં છરીનો છરકો પડી ગયો હતો. બાદમાં આરોપીઓએ ઝપાઝપી કરી તેના પતિને 'જો તું સમાધાન નહીં કરાવ તો તને જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી બંને નાશી છુટ્યા હતા આરોપીને જયેશભાઈ સાથે થઇ હતી અને જયેશભાઇ ફિરિ પતિના મિત્ર હોવાથી આર તેમને જયશેભાઈ સાથે સમ કરાવવાનું કહેતા હતા. આ અંગે પોલીસે બંને આરોપી વિરૂધ્ધ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના લખધીરપુર ગામે ફેક્ટરીમાં લિફ્ટ લોડરની ઠોકરે મહિલાનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના લખધીરપુર ગામે કઝારીયા સીરામીક કંપનીમાં ફોર્ક લિફ્ટ લોડર વાહનની ઠોકરે ઝાડુ મારી રહેલ મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જેમાં શ્રમિક મહિલાને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી. ત્યારે ટૂંકી સારવારમાં શ્રમિક મહિલાએ દમ તોડયો હતો. ત્યારે અકસ્માતના બનાવ અંગે મૃતકના પતિની ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી વાહનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી તાલુકાના લખધીરપુર ગામની સીમમાં આવેલ કઝારીયા વિટ્રીફાઇડ કંપનીના લેબર ક્વાર્ટરમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના જાંબુઆ જીલ્લાના અંતરવેલીયા ગામના રહેવાસી કમેશ ભગા ગમાર ઉવ.૨૬ એ મોરબી તાલુકા પોલીસ સમક્ષ કંપનીની ફોર્ક લિફ્ટ લોડર વાહન રજી.નં. જીજે-૧૨-બીજે-૮૬૮૮ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૨૮/૧૨ ના રોજ તેમની પત્ની પપીતા અને બહેન રેખા કઝારીયા વિટ્રીફાઇડ કંપનીની પોલીસિંગ લાઇન-૨ પાસે ઝાડુ મારવાનું કામ કરી રહ્યા હોય તે દરમિયાન ટાઇલ્સ ઉપાડવાની ફોર-કલીપના ચાલકે પોતાના હવાલા વાળું વાહન પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી આવી, પપીતાબેનને હડફેટે લેતા તેણીને માથાના ભાગે અને શરીરે ગંભીર ઇજાઓ પહોચી હતી, જે અકસ્માત બાદ તુરંત તેણીને કંપનીની એમબ્યુલન્સ મારફત સમર્પણ હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ ઉપરના ડોક્ટરે સારવાર દરમિયાન પપીતાબેનને મરણ ગયાનું જાહેર કર્યું હતું. હાલ તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માર્ગ અકસ્માતના બનાવોમાં રાજકોટ જિલ્લો રાજ્યમાં ચોથા ક્રમે

### એક વર્ષમાં ૯૨૦૦ અકસ્માત નોંધાયાઃ ગત વર્ષની સરખામણીએ ૬૫૪ જેટલો વધારો રાજ્યમાં પ્રતિ કલાકે ૨૧ અને પ્રતિદિન ૫૦૦ વ્યકિતઓને અકસ્માતમાં ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**




સમગ્ર રાજ્યમાં માર્ગ અકસ્માતના બનાવોમાં ચિંતાજનક વધારો થઇ રહ્યો છે. જેમાં સૌરાષ્ટ્રનાં રાજકોટ જિલ્લો માર્ગ અકસ્માતમાં રાજ્યમાં સ્થાને રહ્યો છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે માર્ગ અકસ્માતના બનાવોમાં વધારો નોંધાયો છે.

રાજકોટ જિલ્લામાં વર્ષ-૨૦૨૫ દરમિયાન કુલ ૯૨૦૦ માર્ગ અકસ્માતના બનાવો નોંધાયા છે. ગત વર્ષે ૫૮૨૦ બનાવોની સરખામણીએ આ વર્ષે ૬૫૪ જેટલા બનાવોનો વધારો નોંધાયો છે. વર્ષ દરમ્યાન અનેક સ્થળોએ માર્ગ અકસ્માતના બનાવોમાં અનેક વ્યકિતો ઘવાયા હતા. ઘણાના મોત પણ થયા હતા. ઇમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સની મદદ મળતી રહી છે.

ગુજરાતમાં રોડ એક્સિડેન્ટના કેસમાં ચિંતાજનક રીતે વધારો નોંધાઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધી ૧,૭૮,૯૭૫ વ્યક્તિને રોડ એક્સિડેન્ટમાં ઈજા થયેલી છે. ગત વર્ષે રોડ એક્સિડેન્ટથી ૧,૬૫,૦૬૫ ઈજાગ્રસ્તો નોંધાયા હતા. આ સ્થિતિએ ગત વર્ષની સરખામણીએ રોડ એક્સિડેન્ટમાં ૧૦ ટકા જેટલો વધારો નોંધાયો છે. હાલની સ્થિતિએ ગુજરાતમાં પ્રતિ કલાકે ૨૧ અને પ્રતિ દિવસે ૫૦૦ વ્યક્તિને અકસ્માતમાં ઈજા થાય છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતના જે જિલ્લામાં માર્ગ અકસ્માતથી ઈજાના સૌથી વધુ કેસ નોંધાયા છે તેમાં અમદાવાદ જિલ્લો મોખરે છે. અમદાવાદ જિલ્લામાં ૧ જાન્યુઆરીથી ૨૫ ડિસેમ્બર સુધી ૨૮૬૭૭ વ્યક્તિને માર્ગ અકસ્માતમાં ઈજા થઈ હતી. જેની સરખામણીએ ૨૦૨૩માં ૨૫૧૯૧, વર્ષ ૨૦૨૪માં ૨૭૮૮૬ વ્યક્તિને માર્ગ અકસ્માતમાં ઈજા બાદ ૧૦૮ની મદદથી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

અમદાવાદમાં રોડ એક્સિડેન્ટથી ઈજાના કેસમાં દર વર્ષે ૫-૫ ટકાનો વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિએ અમદાવાદમાં પ્રતિ દિવસે ૮૦ વ્યક્તિ માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થાય છે. રોડ એક્સિડેન્ટથી ઈજાના સૌથી વધુ કેસમાં સુરત ૧૮૯૮૩ સાથે બીજા, વડોદરા ૧૧૭૫૫ સાથે ત્રીજા જ્યારે રાજકોટ ૯૨૦૦ સાથે ચોથા સ્થાને છે. વર્ષ ૨૦૨૪નીસરખામણીએ વર્ષ ૨૦૨૫માં કેસમાં વધારો થયો હોય તેમાં મુખ્યત્વે સુરત, પંચમહાલ, નર્મદા, દાહોદ, બોટાદ, અમરેલીનો સમાવેશ થાય છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# RMC કમિશનરની ચેમ્બરમાં તોડફોડના ગુનામાં કોંગ્રેસી નેતાઓને કોર્ટે નિર્દોષ ઠેરવ્યા

## વર્ષ ૨૦૦૪માં ઈન્દ્રનીલ રાજ્યગુરુ અને જશવંતસિહ ભટ્ટી સહિતના ૯ અગ્રણીઓ સામે નોંધાયો હતો ગુનો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં ૧૮ વર્ષ પૂર્વે પાણીના પ્રશ્ને થયેલી ઉગ્ર રજૂઆત અને ત્યારબાદ નોંધાયેલા તોડફોડના કેસમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓને મોટી રાહત મળી છે. રાજકોટ સેશન્સ કોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને ગ્રાહ્ય રાખતા સરકારની અપીલ રદ કરી છે. આ સાથે જ પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુ, જશવંતસિહ ભટ્ટી સહિતના ૯ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

આ કેસની વિગત મુજબ, વર્ષ ૨૦૦૪માં રાજકોટ શહેરમાં સર્જાયેલી પાણીની સમસ્યા મુદ્દે શહેર કોંગ્રેસના આગેવાનો અને નગરસેવકો તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર મુકેશકુમારને રજૂઆત કરવા ગયા હતા. એ દરમિયાન મામલો બિચક્યો હતો અને કમિશનરની ચેમ્બરમાં ઉગ્ર બોલાચાલી બાદ તોડફોડ થઈ હોવાનો આરોપ મૂકાયો હતો. આ ઘટનામાં કમિશનરના ચશ્મા તૂટ્યા હતા, સરકારી કાગળો ફાડી નાખવામાં આવ્યા હતા અને સરકારી મિલકતને નુકસાન પહોંચાડી ફરજમાં રૂકાવટ કર્યાની ફરિયાદ એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ હતી.

વિજિલન્સ શાખાના પી.આઈ. જાડેજાની ફરિયાદને આધારે પોલીસે જશવંતસિહ ભટ્ટી, ઈન્દ્રનીલ રાજ્યગુરુ, વશરામ સાગઠિયા સહિત કુલ ૧૩ લોકો સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. લાંબી કાનૂની પ્રક્રિયા બાદ ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. કેસની સુનાવણી દરમિયાન ૧૩ પૈકી ૪ આરોપીઓના અવસાન થતા તેઓના નામ કેસમાંથી કમી (એબેટ) કરવામાં આવ્યા હતા. નીચલી કોર્ટે નોંધ્યું હતું કે ખુદ તત્કાલીન કમિશનર મુકેશકુમારે કોઈ પણ વ્યક્તિ સામે નામજોગ જુબાની આપી નહોતી. વળી, સાક્ષીઓના નિવેદનોમાં પણ વિરોધાભાસ જોવા મળ્યો હતો. કોઈ ચોક્કસ વ્યક્તિની ભૂમિકા સ્પષ્ટ ન થતા તમામ ૯ આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મૂક્યા હતા.

રાજ્ય સરકાર દ્વારા નીચલી કોર્ટના આ હુકમને સેશન્સ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જોકે, સેશન્સ કોર્ટે બંને પક્ષોની દલીલો અને બચાવ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા હાઈકોર્ટ-સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓને ધ્યાને લીધા હતા. અંતે, સેશન્સ કોર્ટે સરકારની અપીલ રદ કરી નીચલી કોર્ટનો નિર્દોષ છોડવાનો હુકમ યથાવત રાખ્યો હતો. આ કેસમાં બચાવ પક્ષે એડવોકેટ પથિક દફતરી, ભાવિન દફતરી, પરેશ કુકવા, સંજયસિહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, નિશા સુદ્રા. શિવાંગી મજેઠીયા રોકાયેલા હતા.

# શહેરમાં ૩૧ ડિસેમ્બર સંદર્ભે સઘન ચેકીંગઃ ૧૦૬૮ અધિકારી તેમજ જવાનોનો બંદોબસ્ત

## સરપ્રાઈઝ ચેકીંગ દરમ્યાન દારૂનો નશો કરેલા ૫૦ છરી સાથે પકડાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

૩૧ ફર્સ્ટની ઉજવણી પૂર્વે રાજકોટ પોલીસ એક્શન મોડમાં આવી છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તમામ મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં રાત્રિ પેટ્રોલિંગ સખત કરી દેવામાં આવ્યું છે. તેમજ શહેરના મુખ્ય માર્ગો ઉપર થર્ટી ફર્સ્ટ પૂર્વે પોલીસે કરેલા ચેકિંગ દરમિયાન પોલીસે દારૂ પીધેલા, છરી રાખતા અને દારૂ સાથે કુલ ૫૦ થી વધુ શખસોની ધરપકડ કરી હતી. પર્ટી ફર્સ્ટમાં દારૂની પાર્ટીઓ કરવાની ફેશન બની ગઈ છે. તેમાંય વર્ષનો અંતિમ દિવસ હોય ત્યારે દારૂની પાર્ટીઓ પર્ટી ફર્સ્ટની ઉજવણી કઈ રીતે થઈ શકે શહેરમાં પોલીસ દ્વારા પણ દારૂ ત્યારે પી છાકટા વેળા કરનાર તત્વોની ખો ભુલાવી દેવા તૈયારી કરી છે. ઝા મહેન્દ્ર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર અને અધિક પોલીસ કમિરવર બગડિયાની સુચનાથી ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સક્તિના પોલીસ અધિકારીઓના નિરીક્ષણ હેઠળ શહેરમાં સાંજથી જ શહેરમાં ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. શહેરમાં કાલાવડ રોડ, યુનિવર્સીટી રોડ, ભક્તિનગર સર્કલ, સોરસ્ટીયાવાડી, સંતકબીર રોડ, રેસકોર્ષ રીંગ રોડ, પાલિક રોડ ત્રિકોણબાગ સક્તિના અલગ-અલગ વિસ્તારોમાં સઘન પેટ્રોલીંગ અને ચેકિંગ કરવામાં આવ્યું હતું.

ખાસ કરીને ફોર વ્હીલ સક્તિના વાહન ચાલકોન એકી એકીને બ્રેથ એનેલાઈઝરથી ચેકિંગ કર્યું હતું. જેમાં અલગ અલગ સ્થળોએ પોલીસ મથકના પીઆઈ શક્તિના સ્ટારે પેકિંગ કર્યું હતું જેમાં છેવા ૧૩ કલાકમાં પોલીસે છરી સાથે ૧૭, ૫. પીધેલી હાલતમાં નીકળેલા ૨૧ તેમજ કહ્યું. સાથે ૧૮ની પરી હતી. હજુ પણ આવે પછી પર પૂર્ણ પોલીસનું સઘન ચેકિંગ ચાલુ રહેશે.

# ડાયરેક્ટ DCPનો ઓર્ડર કરાવી આપીશ ર.૩૬ કરોડ આપો

## પોલીસમાં નોકરી અપાવવાનું સપનુ દેખાડી લોકોને લૂંટતો નકલી ગુજરાતી પ્રોડયુસર નીકળ્યો, ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર નવાગામના રહેવાસી જીલુભાઈ ગમારાના પુત્રને પોલીસમાં તેમજ ની નોકરી અપાવવાની લાલચ આપી ર.૩૬ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાના મામલે ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતી ફિલ્મ પ્રોડયુસર તરીકે જાણીતા વિવેક ઉર્ફે વીકી પ્રવિણભાઈ દવેને પોલીસે ઝડપી પાડયો છે, જ્યારે તેના સાથી હરિ ગમારા હાલ ફરાર છે. ફરિયાદીએ કુલ ર.૩૬ કરોડ રૂપિયા પડાવ્યા હોવાનો આક્ષેપ કર્યો છે, જેમાંથી ૮૮ લાખ રૂપિયા પરત મળ્યા હતા, પરંતુ બાકીના ૧.૪૮ કરોડ રૂપિયા પરત ન મળતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.ક્રાઈમ બ્રાન્ચે પાલીતાણાના બે ગઠિયાઓ સામે તાત્કાલિક ગુનો નોંધી ગુજરાતી ફિલ્મ પ્રોડયુસરને ઝડપી પાડયો છે. તપાસ અર્થે કોર્ટમાંથી પાંચ દિવસનો રિમાન્ડ મેળવ્યા બાદ પોલીસે ફરાર સાગરીતની શોધખોળ હાથ ધરી છે.રાજકોટ નજીક નવાગામમાં રહેતા જીલુભાઈ ભગાભાઈ ગમારાએ તેના પરિચિત પાલીતાણાના ઘેડી ગામે રહેતા હરિભાઈ રાજાભાઈ ગમારા અને પાલીતાણા ગામનો વિવેક ઉર્ફે વીકી પ્રવિણભાઈ દવે સામે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૧૦ વર્ષ પહેલા દ્વારકા દર્શન કરવા ગયા ત્યારે તેની જ્ઞાતિના હરી ગમારા સાથે પરિચય થયો હતો. બાદમાં અવારનવાર ફોનમાં વાતચીતથતી હતી અને પારિવારિક સંબંધ થયા હતા. ત્રણ વર્ષ પહેલા હરિ ઘરે આવ્યો હતો ત્યારે તેણે કહ્યું કે, હમણા પોલીસ ખાતામાં ની ભરતી ચાલુ છે. તમારા દીકરા રાહુલને બનાવવો હોય તો અમારા વિસ્તારમાં રહેતા વિવેક દવે મારા મિત્ર છે અને તેની રાજકીય નેતાઓ સાથે ઉઠક બેઠક છે. જેથી, તેને વાત કરવાથી તમારા પુત્રને ની નોકરી મળી રહેશે.

જીલુભાઈએ વાત કરવાની હા પાડી હતી બાદમાં હરિએ તેના મિત્ર વિવેક સાથે ફોનમાં વાત કરાવી હતી, જેમાં તેણે રૂ.૫૦ લાખ થશે અને આ કામ માટે એડવાન્સ રૂ.૧૫ લાખ તાકિદે આપવા પડશે અને બાકીના પૈસા ઓર્ડર આવ્યા બાદ તમારે ચુકવવાના રહેશે તેમ વાત કરી હતી. બાદમાં હરિ મારફતે રૂ.૧૫ લાખ રોકડા વિવેકને મોકલ્યા હતા અને ભરતીનું મેરીટ લિસ્ટ આવતા તેના પુત્રનું નામ ન હોય જેથી હરિનો સંપર્ક કરતા શખસે કહ્યું કે તમારૂ બીજી સરકારી નોકરીમાં સેટીંગ કરાવી આપીશ કહી રૂ.૧૪ લાખ પરત આપ્યા હતા.

આ દરમિયાન જીલુભાઈને હરિએ ફોન કરી કહ્યું કે વિવેક સાથે વાતચીત થઈ ગઈ છે. આ વિવેકને સરકારમાં મોટા મંત્રીઓ સાથે સંપર્ક છે, જેથી તમારા પુત્રને ડાયરેકટ નો ઓર્ડર કરાવી આપશે પરંતુ, આ વખતે તમારે રૂ.ર.૩૬ કરોડ આપવા પડશે અને એડવાન્સ રૂ.૫૦ લાખ ચૂકવવા પડશે. જેથી, જીલુભાઈએ પૈસા એકઠા કરવા માટે તેના સમાજના ભલાભાઈ ગમારાને વાત કરી હતી અને હરિને ફોન કરતા તેણે તેના ભાઈ આંબાભાઈના ખાતામાં પૈસા જમા કરાવવાનું કહેતા કટકે-કટકે ૩૭.૭૬ લાખ નાખ્યા હતા. થોડા દિવસ બાદ ફરી હરિનો ફોન આવ્યો અને કહ્યું કે, તમારા પુત્રનો ઉઈડનો ઓર્ડર તૈયાર છે. જેથી, પૈસા તાકિદે આપવા પડશે બાકી ઓર્ડર નહીં આવે તેમ કહ્યું હતું. જેથી, જીલુભાઈએ પૈસા ભેગા આપ્યા હતા બાદમાં બોર્ડર નહિ આવતા શંકા જતા ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ કરી હતી અને પોલીસે નકલી આઈપીએસને દબોચી લીધો હતો

# રાજકોટ જિલ્લામાં થર્ટી ફસ્ટ અંતર્ગત ૧૬૪૨ અધિકારી-જવાનોનો બંદોબસ્ત

## નાઈટ વીઝન ડ્રોન કેમેરા ડ્રગ્સ ટેસ્ટીંગ કિટ બ્રેથ એનેલાઈઝર દ્વારા ચેકીંગ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લામાં ઘર્ટી ફર્સ્ટને અનુલક્ષીને પોલીસ એકશન મોડમાં આવી ગઈ છે. રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે પત્રકાર પરિષદમાં જીલ્લામાં પર્ટી ફસ્ટને અનુલક્ષીને સુરક્ષા વ્યવસ્થા અંગે માહિતી આપી હતી. પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે, રાજકોટ જીલ્લામાં પર્ટી ફસ્ટને લઈ સઘન સુરક્ષા સાથે ચેકિંગ કરવમાં આવશે ખાસ કરીને જીલ્લામાં ફાર્મ હાઉસ, વાડી વિસ્તાર તેમજ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી ફેક્ટરી, કારખાના અને નદીના કાંઠા સહિતના વિસ્તારોમાં દારૂની મહેફિલો ઉપર નજર રાખવા અને ગેરકાનૂની પ્રવૃતિ રોકવા માટે પોલીસ નાઈટ વિઝનથી સળદ ડ્રોન કેમેશની મદદથી વોચ રાખશે.રાજકોટ જીલ્લા એસપી વિજયસિંહ ગુર્જર જણાવ્યું કે ત્રણ દિવસો સુધી જિલ્લામાં સજ્જડ પોલીસ બંદોબસ્ત રહેશે. આ માટે ત્રણ એએસપી, ત્રણ ડીવાયએસપી, ૨૭ પીઆઈ, ૪૧ પીએસઆઈ, ૬૨૦ પોલીસ સ્ટાફ ઉપરાંત ૭૦૦ જીઆરડીના જવાનો, ૨૫૦ હોમગાર્ડ સહિતના ૧૬૪૨નો સ્ટાફ તહેનાત રહેશે. તેમજ પોલીસની જન રક્ષક ૧૧૧ની ૨૭ ગાડીઓ ઉપરાંત ૮૦ બાઈકવાર પોલીસ દ્વારા જિલ્લાભરમાં પેટ્રોલિંગ કરવામાં આવશે. રાજકોટ જીલ્લાના અલગ અલગ સ્થળે ચેકિંગ પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે જેમાં દારૂડિયાઓને પકડવા માટે ૧૭બ્રેય એનેલાઈઝર તેમજ ૧૭૫ બોડીવોર્ન કેમેશ સાપે પોલીસને તેનાત રાખવામાં આવશે ઉપરાંત ડ્રગ્સ એનેલાઈસર લેનારાઓને પકડવા માટે ખાસ કીટની ફાળવણી કરવામાં આવી છે. જીલ્લામાં બે જગ્યાએ નવા વર્ષને લગતી પાર્ટીનું આયોજન થયું છે, જવાં પણ પોલીસનો બંદોબસ્ત રહેશે. જીલ્લામાં મંજુરી વિના ચાલતી પાર્ટીઓમાં પોલીસ મહેમાન બની આવશે અને આવી મંજુરી વિનાની પાર્ટી પોલીસ બંધ ચાલતી પાર્ટી પોલીસ ખાસ વોચ રાખશે કરાવશે. રાજકોટ જીલ્લામાં ખાનગી ફાર્મ હાઉસમાં કે કારખાનામાં પોલીસે ચેકિંગ શરુ કરી દીધું છે. પર્ટી ફસ્ટની પાર્ટી કરવા માટે દારૂની હેરફેર પણ વધી જતી હોય છે. પર્ટી ફર્સ્ટમાં દારૂ તેમજ નાર્કોટિક્સ પદાર્થોની હેરાફેરી, વેચાણ તેમજ સેવન રોકવા માટે છલ્લા પોલીસ દ્વારા ખાસ એક્શન પ્લાન બનાવ્યો છે. તેમજ રાજકોટ જીલ્લામાં હાઈવે અને એન્ટ્રી પોઈન્ટ ઉપર જેમાં છલ્લાનાતમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓને પેટ્રોલિંગ કરીને દેશી વિદેશી દારૂની પ્રવૃતિઓ ઉપર વોશ બોલાવી દેવા એક્ટિવ કરી દેવાયા છે. દેશી વિદેશી દારૂની હેરફેર, વેચાણ અને છાકટા બનીને ફરતા યુવાનોને પકડવા માટે પોલીસ દ્વારા ૩૧ મી ડિસેમ્બર સુધી પ્રોહીબિશન ડ્રાઈવ ચલાવવામાં આવશે.

# ઑસ્ટ્રેલિયામાં નોકરી મેળવવાના બદલામાં ડૉક્ટરે ૫૦.૭૫ લાખ ગુમાવ્યા

## ડૉ.ચિન્મય ત્રિવેદીએ ઑસ્ટ્રેલિયા મેડિકલ કાઉન્સીલની પરીક્ષા પાસ કર્યા બાદ વિદ્યાર્થીઓના વૉટસએપ ગ્રુપમાં જોડાયા બાદ આવેલી જાહેરાત જોઈ ફસાયા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

અટલ સરોવરની સામે સનરાઈઝ પાર્કમાં રહેતા અને ગાંધીનગર ખાતે જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં એમબીબીએસનો અભ્યાસ કરી ઘરબેઠા એએમસી બાય ડૉ.ગુપ્તા નામથી ઓનલાઈન એએમસી પરીક્ષાના ક્લાસિસ ચલાવતા ૨૬ વર્ષીય ડૉક્ટરે ઑસ્ટ્રેલિયાની હોસ્પિટલમાં નોકરી મેળવવાના ચકકરમાં ૫૦.૭૫ લાખ રૂપિયા ગુમાવ્યા હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાતાં ચકચાર મચી જવા પામી હતી.

આ અંગેની ડૉ. ચિન્મય પ્રકાશભાઈ ત્રિવેદીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેમણે ઑસ્ટ્રેલિયામાં ઑસ્ટ્રેલિયા મેડિકલ કાઉન્સીલ નામની પરીક્ષા પાસ કરી હતી. આ પરીક્ષા પાસ કર્યા બાદ ઑસ્ટ્રેલિયામાં રોયલ એડિલેડ નામની હોસ્પિટલમાં મેડિકલ રિસર્ચ આસિસ્ટન્ટ માટે જવાનું હતું. પરીક્ષા આપ્યા બાદ પાસ થયેલા વિદ્યાર્થીઓનું એક એએમસી ઑસ્ટ્રેલિયા-૨૦૨૫-ડ્રીમ કેમ ટૂ નામનું વૉટસએપ ગુપ બનાવવામાં આવ્યું હતું અને ગ્રુપમાં ડો. ચિન્મયને પણ એડ કરાયો હતો. આ ગ્રુપમાં રોયલ એડિલેડ હોસ્પિટલમાં જોબ માટે જાહેરાત આવી હતી તેમાં એક મોબાઈલ નંબર લખેલો હોય તેના ઉપર સંપર્ક કરતા ડૉ.જોશુઆ નામના વ્યક્તિ સાથે વાતચીત શરૂ થઈ હતી.

આ પછી ડૉ.જોશુઆએ અલગ-અલગ સમયે પૈસા મેળવ્યા બાદ વિઝા માટે ડેનિયલ નામની વ્યક્તિનો નંબર આપ્યો હતો જેણે પણ ઑસ્ટ્રેલિયાની બેન્કમાં ખાતું ખોલાવવાના નામે ૨૪ લાખ રૂપિયા લઈ લીધા હતા.

પૈસા આપ્યા બાદ આગળ કશી જ કાર્યવાહી ન થતાં ડૉ. ચિન્મયે તપાસ કરી હતી જે બદા એવો ખુલાસો થયો હતો કે બેન્કમાં ડૉ.ચિન્મયના નામનું કોઈ એકાઉન્ટ ખુલ્યું નથી અને રોયલ એડિલેડ હોસ્પિટલના નામ વાત કરનાર વ્યક્તિ પણ ફ્રોડ છે. આ અંગેની જાણ થતાં જ ડૉ.ચિન્મયે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટના યુવકનો દિવના નાગવા બીચ નજીકથી મૃતદેહ મળ્યો

## રિસોર્ટની બરાબર સામે ૧૨ કલાકથી કાર પડી હોય રાહદારીને શંકા જતાં પોલીસને જાણ કરીઃ કાર લોક કરેલી હોય પોલીસે કાચ ફોડી મૃતદેહ બહાર કાઢ્યો આત્મહત્યા કે બીજું કાંઈ ?

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના મવડી પ્લોટ વિસ્તારમાં રહેતા ૩૭ વર્ષો ય યુવકનો દિવના નાગવા બીચ નજીકથી કારમાંથી મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે વધુમાં જાણવા મળ્યા પ્રમાણે મંગળવારે બપોરના અરસામાં દિવના નાગવા બીચ પાસે જ આવેલા રિસોર્ટ બહાર પડેલી કારમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. આ કાર બારેક કલાકથી એક જ સ્થળ ઉપર પડેલી હોય ત્યાંથી પસાર થનારા રાહદારીના ધ્યાન પર આવી ગઈ હતી. કશુંક અજુગતું બન્યાનું લાગતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. પાલીસે દોડી જઈ કાર ખોલવાનો પ્રયાસ કરતા તમામ દરવાજા લોક હતા જેથી પોલીસે દરવાજો તોડતાં જ અંદરથી મૃતદેહ મળી આવ્યો હતો. આ પછી કારની તલાશી લેવામાં આવતાં આધારકાર્ડ મળી આવ્યું હતું જે હિતેશ હરસુખભાઈ સેંજલિયાના નામનું હતું. આ પછી આધારકાર્ડમાં રહેલી તસવીર અને મૃતદેહની તપાસ કરાતાં આ મૃતદેહ હિતેશ સેંજલિયાનો જ હોવાનું ખુલ્યું હતું. કારમાંથી મોબાઈલ પણ મળી આવ્યો હોય તેના આધારે પોલીસે આગળની તપાસ આદરી હતી. હિતેશના મૃત્યુનું આખરે કારણ શું હશે તે જાણવા પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આ બનાવ આત્મહત્યાનો છે કે બીજું કોઈ કારણ છે તે ટૂંક સમયમાં જ બહાર આવે તેવી શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

# સીવીલ હોસ્પીટલમાં ડોકટર પર હુમલો કરનાર આરોપીની માતાનો આક્ષેપઃ CCTV ચકાસી કાર્યવાહી કરવાની માંગ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

સીવીલ હોસ્પીટલમાં ન્યુરો સર્જન તરીકે નોકરી કરતા પાર્થભાઈ જયેશભાઈ પંડયા તા.૨૮ ના રોજ રાત્રીના સીવીલ હોસ્પીટલમાં ન્યુરો સર્જરી વિભાગમાં ઈન્ચાર્જ તરીકે ફરજ ઉપર હતા તે દરમ્યાન મોટી ટાંકી ચોક પાસે અકસ્માતમાં ધવાયેલા દર્દી બીનય થાપા ને સારવાર માટે ખસેડાયો હતો જેનુ ઓપરેશન કરવામાં આવ્યુ હતુ અને તેને બે બોટલ લોહી ચડાવવામાં આવ્યુ હોય જેથી તેના સ્વજનોને એક બોટલ લોહી હોસ્પીટલમાં જમા કરાવવા જેથી અન્ય દર્દીને કામ આવ તે માટે વાત કરી હતી.તે દરમ્યાન જયદીપ ચાવડા નામના શખસે આવી ઝઘડો કર્યા હતો અને મારામારી કરતા અન્ય સ્ટાફ આવી જતા બચાવ્યા હોવાની ફરીયાદ કરતા પ્રનગર પોલીસે જયદીપ સામે ફરજમાં રૂકાવટ સહીતનો ગુનો નોધી કાર્યવાહી કરી હતી.

દરમ્યાન આરોપી જયદીપની માતાએ પોલીસ કમીશનરને લેખીતમાં તબીબ સામે ફરીયાદ સાથે રજુઆત કરી હતી અને મારો પુત્ર લોહી આપવા માટે સીવીલ હોસ્પીટલમાં ગયો હતો ત્યારે તબીબે ઝઘડો કર્યો હોવાનુ જણાવ્યુ હતુ અને હોસ્પીટલના સીસીટીવી અધુરા જ પોલીસને આપ્યા હોય પરંતુ સીસીટીવી ચકાસી કાર્યવાહી કરવાનુ જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# રેસકોર્ષમાં ચાલી રહેલ હનુમાન ચાલીસા યુવા કથામાં સાળંગપુરના સ્વામીનું લગ્ન અને પ્રેમ મુદેનું વિવાદિત નિવેદન

## જયોતિર્નાથ મહારાજે આ નિવેદન વાહીયાત અને સનાતન વિરોધી ગણાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેસકોર્ષ ખાતે ચાલી રહેલ હનુમાન ચાલીસા યુવા કથામાં સાળંગપુરના સ્વામી હરિ પ્રકાશદાસજીએ લગ્ન અને પ્રેમ આપેલ વિવાદિત નિવેદનના પગલે જયોતિર્નાથ મહારાજ લાલઘૂમ થયા હતા.અને સ્વામીના આ નિવેદનને વાહીયાત અને સનાતન વિરોધી ગણાવી કહ્યું કે જેના નામે રોટલા ખાવ છો, તેની ઠેકડી ઉડાવવો છો.

રેસકોર્ષ મેદાનમાં ગત.તા.૨૭થી પ્રારંભ થયેલી હનુમાન ચાલીસા યુવા કથાના ત્રીજા દિવસે સાળંગપુરના હરિપ્રકાશ સ્વામીએ કડવો કટાક્ષ કર્યો હતો.જેમાં કથામાં કહ્યુ કે લવ મેરેજ એટલે ડિરેક્ટ ફાંસો અને અરેન્જ મેરેજ એટલે વ્યવસ્થા કરીને ફાંસો ખાવો વધુમાં કહ્યું કે પહેલા પ્રેમમાં પડે પછી વહેમમાં પડે અને ભેગા થઈને સીધા ડેમમાં પડે છે.જે નિવેદનને લઈ જયોતિર્નાથ મહારાજ લાલઘુમ થઈને સ્વામીએ આપેલા નિવેદનને વાહીયાત અને સનાતન વિરોધી ગણાવી કહ્યું કે જેના નામે રોટલા ખાવ છો, તેની ઠેકડી ઉડાવો છો.તેમજ લગ્ન ફાંસો નહીં પરંતુ સનાતન ધર્મનો પ્રવિત્ર સંસ્કાર છે. સ્વામિના નિવેદનથી સુષ્ટિના સર્જનહારનું અપમાન થયાનો પણ સંતોએ દાવો કર્યો છે. ભગવાન રામથી લઈ કૃષ્ણ સુધીના સૌએ લગ્ન કર્યા છે. પરંતુ હરિસ્વામીના અજ્ઞાન પર જયોતિર્નાથ મહારાજે ગંભીર સવાલો ઉઠાવી સ્વામીને સદ્દબુધ્ધિ મળે તેવી પ્રાર્થના સાથે વિરોધની ચીમકી ઉચ્ચારી હતી.સ્વામી હરિપ્રકાશજીએ કહ્યું કે સોમવારે સામા મળ્યા, મંગળવારે માયા લાગી, બુધવારે બોલ્યાચાલ્યા, અને ગુરૂવારે ગમી ગયા, શુક્રવારે સોગન ખાધા આ જેના જીવન ચરિત્ર પર ડાયરેકટ ઠેકડી ઉડાડો છો તે ચલાવી લેવામાં નહીં આવે આનો વિરોધ થશે સાથો-સાથ સમાજના દરેક લોકોને પણ જાગવું જોઈએ.આટલું લોકો સાંભળી તાલી પાડે તે યોગ્ય નથી તેમ અંતે જયોતિર્નાથ મહારાજે જણાવ્યું હતું.

# રાજકોટમાં સાઢુભાઈને કોરોનાની સારવાર માટે મદદ કરવી મોંઘી પડી

## સાત લાખ ઉછીના આપ્યા બાદ આપેલો ચેક બેન્કમાં જમા કરાવ્યા બાદ રીટર્ન થતાં થઇ હતી સજાઃ ફરિયાદ પાછી ખેંચી લેવા સાળી સહિતનાઓએ વૃદ્ધને માર માર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સાઢુભાઈને કોરોના થઈ જતાં તેમની સારવાર માટે સાત લાખ રૂપિયા ઉછીના આપ્યા બાદ પરત ન કરતા ચેક બેન્કમાં નાખ્યા હતા જે રિટર્ન થતાં સજા પડ્યા બાદ કરેલી ફરિયાદ પાછી ખેંચવા માટે સાઢુભાઈ, સાળી અને તેના પુત્રએ વૃદ્ધ ઉપર હુમલો કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેની માહિતી મુજબ જનકપુરી મેઈન રોડ પર મહાપાલિકાની એવાસ યોજના નજીક રહેતા રાજુભાઈ મેઘજીભાઈ ગોરી (ઉ.વ.૬૬)એ ૨૦૨૦માં તેના સાઢુભાઈ હરેશ છગનભાઈ વાઘેલા (રહે.બગસરા)ને સાત લાખ રૂપિયા સારવાર માટે ઉછીના આપ્યા હતા. આ પૈસાના બદલામાં હરેશે ચેક આપ્યા હતા અને લખાણ પણ કરી આપ્યુંહતું. જો કે પૈસા પરત ન કરતા ચેક બેન્કમાં નાખ્યો હતો જે પૈકી એક કેસ ચાલી જતાં હરેશને સજા પડી હતી. આ પછી ગત ૨૭ ડિસેમ્બરે હરેશ, તેની પત્ની મધુ કે જે ફરિયાદી રાજુભાઈની સાળી થાય છે તે અને તેનો પુત્ર સુનિલ રાજુભાઈના ઘેર ધસી આવ્યા હતા અને ગાળો ભાંડી ઢોર માર મારતાં રાજુભાઈને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

# માધાપર ચોકડી પાસે રસ્તો આળંગતા આધેડનું ટ્રકની હડફેટે મોત

## સીકયુરીટીમાં કામ કરતા હોય, નોકરી પર જતાં સર્જાયો અકસ્માત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

માધાપર ચોકડી પાસે રસ્તો ઓળંગતા આધેડને અજાણ્યો ટ્રક ચાલક ઠોકરે ચડાવી નાશી છુટતા ગંભીર રીતે ઘવાયેલા આધેડનું ટુંકી સારવાર દરમિયાન મોત નિપજયું છે. ગાંધીગ્રામમાં રહેતા આધેડ સિકયુરીટીની નોકરી પર જતા હતા ને રસ્તામાં જ કાળ ભેટી જતા પરિવ-ારમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ગાંધીગ્રામમાં લાખના બંગલા પાસે ગોવિંદનગર શેરી નં.૩ માં રહેતા પ્રકાશભાઇ બીજલભાઇ બરાડીયા (ઉ.વ.૫૦) નામના આધેડ સવારે ૮ વાગ્યાના અરસામાં ચાલીને માધાપર ચોકડી પાસે ઓવરબ્રીજ નીચે રસ્તો ઓળગતા હતા ત્યારે અજાણ્યા ટ્રકના ચાલકે પ્રકાશભાઈને હડફેટે લેતા ટ્રક ચાલક વાહન લઇ નાશી છુટયો હતો. ઘટનાને પગલે લોકોના ટોળા એકઠા થઇ ગયા હતા. અને ઈજાગ્રસ્ત પ્રકાશભાઈને તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ અહીં તેમનું ટુંકી સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ અંગે સિવીલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક ત્રણ ભાઈ ત્રણ બહેનમાં મોટા અને સિકયુરીટીમાં નોકરી કરતા હતા. તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. આજે સવારે સિકયુરીટીમાં નોકરી પર જતા હતા ત્યારે રસ્તામાં જ કાળ આંબી જતાં પરિવારમાં શોકની લાગણી છ્વાઇ જવા પામી છે. આ અંગે પોલીસે અકસ્માત સર્જી નાશી છુટેલા ટ્રક ચાલક વિરુધ્ધ ગુનો નોંધવા અને તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.